**સુવિચાર**

''પ્રાર્થના વિશ્વની સૌથી જૂની, પણ સૌથી વધું ભરોસાપાત્ર કોમ્યુનિકેશન વ્યવસ્થા છે.''

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૫/૦૯/૨૦૨૫, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ
PENDAWALA
વાટીદાળના ખમણ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પલેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૧ આસો સુદ-૪ વર્ષ : ૧૬ અંક : ૨૪૨

## એક તરફ હજારો બેરોજગાર યુવાનો નોકરીની શોધમાં હોય તે સમયે

# તલાટી, શિક્ષક અને ગ્રામસેવકોનાં અભાવે જનતાનાં કામો ટલ્લે ચડયા

ગ્રામ પંચાયતથી લઈને મહત્વની કચેરીઓમાં ૩૦ થી ૪૦ ટકા કર્મચારીઓની જગ્યા ખાલી જોવા મળે

ગ્રામ્ય જનતાનાં રોજબરોજનાં કામોનો નિકાલ થતો ન હોય નારાજગી

રાજુલાનાં ૭૨ ગામોનાં સરપંચોનાં સમર્થન સાથે ૩૦ થી ૩૫ ગામનાં સરપંચોએ પ્રાંત અધિકારીને કરી રજૂઆત

આઝાદીનાં ૭૮ વર્ષ બાદ જનતાનાં સામાન્ય કામો પણ વિલંબથી થઈ રહ્યા છે



અમરેલી, તા.૨૪

રાજુલાનાં ૭૨ ગામોમાં પુરતા પ્રમાણમાં શિક્ષકો, તલાટીઓ અને ગ્રામસેવકોનો અભાવ હોવાથી જનતાનાં રોજબરોજનાં કામો ટલ્લે ચડતા હોય આજે ૭૨ ગામોનાં સરપંચોનાં સમર્થન સાથે ૩૦ થી ૩૫ જેટલા સરપંચોએ રાજુલા પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવીને કર્મચારીઓની ખાલી જગ્યા ભરવા માંગ કરેલ છે.

આજે અમરેલી જિલ્લા સહિત દેશભરમાં લાખો યુવાનો બેરોજગાર બનીને નોકરીની શોધ કરી રહ્યા છે. તેવા સમયે સરકારી કચેરીઓ, શાળાઓમાં જરૂરી કર્મચારીઓનો અભાવ જોવા મળી રહ્યો છે.

જનતા જનાર્દનનાં તેના દર મહિનાનાં રોજિંદા ખર્ચમાં અંદાજિત ૪૦ ટકા જેટલો ખર્ચ સરકારની તિજોરી ભરવા કરતી હોવા છતાં પણ બદલામાં સરકાર તરફથી પુરતી સુવિધા અને સેવા મેળવી શકતી નથી. તે દર્શાવે છે કે સરકારને જનતાનાં કરવેરામાં રસ છે સેવામાં નહી.

રાજુલા પંથક જેવી હાલત જિલ્લાનાં તમામ વિસ્તારમાં જોવા મળી રહી છે અને ખાલી જગ્યાનાં અભાવે આઉટ સોર્સ, ફિકસ પગાર કે એક કર્મચારીને ૩ થી વધુ જગ્યાનો ચાર્જ આપીને ગાડુ દોડાવવામાં આવી રહ્યું છે. તેના લીધે સામાન્ય કામનો નિકાલ પણ અઠવાડીયા કે મહિનાઓ સુધી થતો નથી તે કડવી વાસ્તવિકતા છે.

## અમરેલીની સ્પે. પોકસો કોર્ટમાં કેસ ચાલી જતાં

# લાઠીમાં રહેતી સગીરાનું લલચાવી-ફોસલાવી અપહરણ કરનાર આરોપીને ૨૦ વર્ષની સજા

**સરકારી એડવોકેટ મમતાબેન ત્રિવેદીની દલીલો સફળ**

અમરેલી, તા.૨૪

લાઠી ગામે રહેતી એક ૧૬ વર્ષની સગીરાને તે જ ગામે રહેતો આરોપી સાડા ૩ વર્ષ પહેલા રાત્રીનાં સાડા આઠ વાગ્યાનાં અરસામાં લાઠી ગામેથી લલચાવી ફોસલાવી તથા બદકામ કરવાના ઈરાદે તેણીના પિતાના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી અપહરણ કરી લઈ ગયેલ હતો. આ બનાવ અંગે જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાયેલ હતી. આ અંગેનો કેસ અમરેલી ખાતે આવેલ સ્પેશ્યલ પોકસો અને ચોથા એડીશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની ધારદાર દલીલને માન્ય રાખી આરોપીને અલગ અલગ ગુન્હામાં કસુરવાર ઠરાવી ૨૦ વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા ૧૫,૦૦૦નાં દંડની સજાનો હુકમ કર્યો હતો.

અનુસંધાન પાના ૬ ઉપર


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,03,400/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૪/૦૯/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

## યુટીએસ એપ તથા એટીવીએમથી રેલ્વે ટિકિટ લેવી થઈ વધુ સરળ

# હવે અનરિઝર્વ્ડ ટિકિટ માટે લાઈનમાં ઊભા રહેવાની જરૂર નહીં

**મુસાફર વર્ગને નવી સુવિધાનો લાભ લેવા અનુરોધ**




અમરેલી, તા.૨૪

રેલ્વે વિભાગ દ્વારા યાત્રીઓની સુવિધાને ધ્યાનમાં રાખતાં પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાં અનરિઝર્વ્ડ ટિકિટ બુકિંગની પ્રક્રિયાને વધુ સરળ અને સુગમ બનાવી દેવામાં આવી છે. હવે યાત્રીઓને જનરલ ટિકિટ (અનરિઝર્વ્ડ ટિકિટ) લેવા માટે લાંબી લાઈનોમાં ઊભા રહેવાની કોઈ જરૂર નથી.

આ અંગે વરિષ્ઠ મંડળ વાણિજય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, રેલવેએ યાત્રીઓને બે નવી સુવિધા આપી છે. જેમાં યૂટીએસ મોબાઈલ એપ (UTSAPP) અને આટોમેટિક ટિકિટ વિતરણ મશીન (ATVM). આ બંને માધ્યમોથી યાત્રી પોતે ટિકિટ બુક કરી શકે છે, જેનાથી સમયની બચત થાય છે.

અનુસંધાન પાના ૬ ઉપર

## ૨ યુવક અને ૧ યુવક મોતને ભેટયા

# અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં અપમૃત્યુનાં 3 બનાવો નોંધાયા

**જીંદગી શરૂ થતી હોય તે સમયે પૂર્ણ થઈ**

અમરેલી, તા.૨૪

રાજુલા તાલુકાના હિંડોરણા પ્લોટ વિસ્તારમાં રહેતા અરવિંદભાઈ રામભાઈ સોલંકી નામના ૪૦ વર્ષિય યુવક ગત તા. ૨૨ ના રોજ ૭ થી તા. ૨૩ ના ૭ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે અકસ્માતે હિંડોરણા ગામે પીડબલ્યુડીની ઓફીસની સામે આવેલ પાણીના મોટા ખાડામાં પાણીમાં પડી જવાથી ડુબી જતાં તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ

અનુસંધાન પાના ૬ ઉપર

## છુટાછેડા બાદ પતિએ અન્ય સાથે સગાઈ કરી લેતા

# સાવરકુંડલાનાં વિંઝુડાવાસમાં રહેતી યુવતીએ ઝેર પી આત્મહત્યાનો કર્યો પ્રયાસ

**બંનેનું પૂનઃ ભેગા થવાનું સ્વપ્ન રોળાયુ**

અમરેલી, તા.૨૪

સાવરકુંડલા ગામે આવેલ વિંઝુડાવાસમાં રહેતા મેઘનાબેન પ્રવીણભાઈ રાઠોડ નામની ૨૪ વર્ષિય યુવતીએ સને-૨૦૨૧માં મનીષભાઈ જયસુખભાઈ બગડા સાથે રજીસ્ટર મેરેજ કરેલ હતાં અને સન ૨૦૨૪માં છુટાછેડા પણ કરેલ હતાં અને છુટાછેડા કર્યા બાદ

અનુસંધાન પાના ૬ ઉપર

ધર્મજીવન હોસ્પિટલ

**હોસ્પિટલ સ્ટાફ જોઈએ છે**

| | |
|---|---|
| મેડિકલ ઓફિસર........ 1 | C.S.S.D. ટેક્નિશિયન....... 1 |
| મેડિકલ સ્ટોરના અનુભવી...... 2 | લેબોરેટરી ટેક્નિશિયન..... 1 |
| ઓપરેશન આસિસ્ટન્ટ........ 2 | PRO (ફક્ત પુરુષ) ........ 2 |
| નર્સિંગ સ્ટાફ........ 4 | રિસેપ્શન સ્ટાફ........ 1 |
| X-Ray ટેક્નિશિયન........ 1 | |

હોસ્પિટલ ક્ષેત્રના અનુભવીને પ્રથમ પસંદગી.

ધર્મજીવન હોસ્પિટલ, જેસીંગપરા, અમરેલી. | +91 96200 50041 | hramr@gurukul.org

ન ભૂતો.... ન ભવિષ્યતિ...
ટુ વ્હીલર બેટરી ધમાકા ઓફર
નવરાત્રિ ધમાકા ઓફર
ટુ વ્હીલર વાહન માલિકો માટે આનંદના ખબર
દરેક ટુ વ્હીલર સેલ્ફ સ્ટાર્ટ વાહનો માટેની બેટરી
Lucas
PD POWER
4 LB માત્ર રૂા.૮૦૦/- મા
5 LB માત્ર રૂા.૧૦૦૦/- મા
4 LB માત્ર રૂા.૭૦૦/- મા
5 LB માત્ર રૂા.૯૦૦/- મા
નોંધ : આ ભાવ માત્ર જુની બેટરી પરત કરવાના છે.
દરેક ટુ વ્હીલરની બેટરી હાજર સ્ટોકમાં મળશે.
આ સાથે ૪૮ મહિનાની વોરંટી તો ખરીજ..
અમરેલી જિલ્લાના ડિસ્ટ્રીબ્યુટર
94269 38161 (Since 1995) 76986 55398
જય શ્રી ચામુંડા બેટરી હાઉસ
મેઈન બ્રાંચ : રેલ્વે સ્ટેશન રોડ, ગોપી ટોકીઝની બાજુમાં, અમરેલી
બ્રાંચ : લાઠી રોડ, બાયપાસ ચોકડી, અમરેલી

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• સેલ્સ કો-ઓર્ડિનેટર-2
• ફૂલ પાર્લર મેનેજર - 1
• કેશિયર - 1
• બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર - 1 (મિલ્ક ડિવિઝન)
• નાઈટ બિલિંગ એક્ઝિક્યુટિવ - 1
• સેલ્સ અને માર્કેટિંગ ઓફિસર - 2
• રીપોર્ટિંગ મેનેજર - 1
• ટ્રેનર - 1
Location :
શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW

## મુરઝાતી બજારોમાં જીએસટીનાં ઘટાડાથી ખૂશીનો માહોલ

# મોબાઈલ એસેસરીઝનાં ભાવમાં ઘટાડો થતાં ખરીદી શરૂ

**છેલ્લા ૧૦ વર્ષથી કાળઝાળ મોંઘવારીનો સામનો કરતાં આમ નાગરિકોમાં ખરીદીની હિંમત વધી**

**ગરીબી, મોંઘવારી, બેરોજગારી સહિતની અનેક સમસ્યાઓ વચ્ચે જીએસટીનો ઘટાડો રાહતરૂપ**

**નવરાત્રિનાં તહેવારો શરૂ થયા હોય બજારોમાં રોનક વધી રહી છે**

**જીએસટીનાં દરમાં ઘટાડાથી વેપારીઓ અને ગ્રાહકો સહિત સૌ કોઈ ખૂશ**





અમરેલી, તા. ૨૪

અમરેલીજિલ્લામાંમોબાઈલ એસેસરીઝના બજારમાં તાજેતરમાં ખુશીના સંકેત જોવા મળી રહ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા જીએસટીના દરોમાં ઘટાડો કરાતા હવે મોબાઈલ એસેસરીઝ સસ્તી થવાની શક્યતા ઊભી થઈ છે. ખાસ કરીને સાવરકુંડલા શહેર સહિત જિલ્લાના તમામ તાલુકા મથકો પર આવેલી દુકાનોમાં આ અસર સ્પષ્ટ જોવા મળી રહી છે.

સાવરકુંડલાના લીમડી ચોક વિસ્તારમાં પોતાની દુકાન ચલાવતા વેપારી રફીક જાદવએ જણાવ્યું કે અગાઉ જે મોબાઈલ કવર ૨૦૦ રૂપિયામાં વેચાતા હતા તે હવે ૧૦૦ રૂપિયામાં ઉપલબ્ધ થશે. આ સાથે મોબાઈલ ગ્લાસ, બ્લુટુથ, મોબાઈલ ચાર્જર, આઈ–બેન્ડ અને બીયર બોર્ડ જેવી વિવિધ એસેસરીઝમાં પણ ૩૦ થી ૫૦ ટકા સુધી ઘટાડો થશે. વેપારીઓનો અંદાજ છે કે આવતા દિવસોમાં આ વસ્તુઓના ભાવ વધુ સસ્તા થઈ શકે છે, જેના કારણે ગ્રાહકોમાં ઉત્સાહ વધી રહ્યો છે.

તહેવારોની સીઝનને પ્રયાનમાં રાખીને પણ ગ્રાહકોનો ઉત્સાહ દીઠે–દીઠે વધી રહ્યો છે. હાલ નવરાત્રી ચાલી રહી છે અને ત્યાર બાદ દિવાળી આવવાની છે, જેના કારણે બજારમાં ખરીદીમાં તેજી જોવા મળી રહી છે. અગાઉ જ્યાં એક દુકાને રોજના ૫૦ થી ૬૦ જેટલા ગ્રાહકો આવતા હતા, હવે તે સંખ્યા વધીને ૭૦ થી ૮૦ સુધી પહોંચી છે. એટલે કે જીએસટી ઘટાડો સીધો બજારમાં ગ્રાહક આવક પર અસર કરી રહ્યો છે.

વેપારીઓએ જણાવ્યું કે મોબાઈલ એસેસરીઝ યુવાનો માટે રોજિંદા જીવનમાં જરૂરી બની ગઈ છે. ખાસ કરીને મોબાઈલ કવર અને ગ્લાસ જેવી વસ્તુઓ સતત ડિમાન્ડમાં રહે છે. તેથી ભાવમાં ઘટાડો થતાં લોકો હવે એક સાથે વધુ એસેસરીઝ ખરીદી રહ્યા છે. કેટલાક ગ્રાહકો એક સાથે બે–ત્રણ કવર અને ગ્લાસ લેતા જોવા મળી રહ્યા છે.

જિલ્લાના વેપારીઓનું માનવું છે કે આ જીએસટી ઘટાડો માત્ર મોબાઈલ એસેસરીઝ બજાર પૂરતો મર્યાદિત નથી રહેવાનો, પરંતુ તે સંબંધિત અન્ય ઈલેક્ટ્રોનિક બજારોમાં પણ તેજી લાવશે. સસ્તા દરે સામાન મળવાથી ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ વધુ લોકો શહેર તરફ ખેંચાઈ રહ્યા છે.

આ બદલાવને કારણે સાવરકુંડલા સહિત અમરેલી જિલ્લાના તમામ બજારોમાં ગ્રાહકોની ભીડ જોવા મળી રહી છે. વેપારીઓ આશા રાખે છે કે દિવાળી સુધીમાં વેચાણમાં ૩૦ થી ૪૦ ટકા જેટલો વધારો થઈ શકે છે.

એકંદરે, જીએસટીમાં ઘટાડો વેપારીઓ અને ગ્રાહકો બન્ને માટે લાભદાયી સાબિત થઈ રહ્યો છે. તહેવારોની સિઝનમાં સસ્તી મોબાઈલ એસેસરીઝ બજારમાં નવી ચેતના લાવી રહી છે અને વેપારીઓના ચહેરા પર ખુશી છવાઈ ગઈ છે.

---

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં જીવન પર યોજાઈ ''ચિત્ર પ્રદર્શની''

## અમરેલી જિલ્લા ભાજપ દ્વારા પ્રબુધ્ધ નાગરિક સંમેલન યોજાયું

**''વિકસિત ભારત'' અને ''આત્મનિર્ભર ભારત'' વિષય પર સેમિનાર**



અમરેલી, તા. ૨૪

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મ દિવસ ૧૭ સપ્ટેમ્બરથી મહાત્મા ગાંધીજીના જન્મ દિવસ ૨ ઓક્ટોબર સુધી દેશભરમાં ''સેવા પખવાડા'' તરીકે વિવિધ સેવાકીય કાર્યો દ્વારા અનોખી ઉજવણી થઈ રહી છે ત્યારે આજરોજ અમરેલી જીલ્લા ભાજપ દ્વારા વર્ધમાન હોલ ખાતે ''પ્રબુદ્ધ વર્ગ સંવાદ'' યોજવામાં આવ્યો હતો.

આ સેમિનારમાં ભાવનગર મહાનગરના પૂર્વ પ્રમુખ અને પ્રદેશ ભાજપ અગ્રણી રાજીવભાઈ પંડયા મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, સાંસદ ભરતભાઈ સુતરિયા, લાઠીનાં ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, મહામંત્રીઓ ભૂપેન્દ્રભાઈ બસિયા, પીઠાભાઈ નકૂમ, મેહુલભાઈ ધોરાજીયા, પ્રદેશ મહિલા મોરચાના મંત્રી ભાવનાબેન ગોંડલિયા, બક્ષીપંચ મોરચાના મંત્રી મયુરભાઈ માંજરિયા, જીતુભાઈ ડેર, મનોજભાઈ મહીડા, દિપકભાઈ વઘાસિયા, ચેતનભાઈ શિયાળ, કેશુભાઈ વાઘેલા, રેખાબેન માવદિયા, અગ્રણી ઉદ્યોગપતિ દિનેશભાઈ ભુવા (શીતલ આઈસ્ક્રીમ), નીલકંઠ જવેલર્સ વાળા કેતનભાઈ ધોળકિયા, સી.એ. એ.ડી. રૂપારેલ, જીતુભાઈ ગોળવાળા, એગ્રો ઈન્ડસ્ટ્રીઝના રમેશભાઈ કાથરોટિયા, એડવોકેટ બકુલભાઈ પંડયા સહિત શહેરનાં વેપારીઓ, સામાજિક આગેવાનો, કૃષિ તેમજ શિક્ષણ સાથે સંકળાયેલા પ્રબુદ્ધો સાથે જીલ્લા ભાજપ મંડળ સંગઠનના પ્રમુખો–મહામંત્રીઓ તેમજ સેવા પખવાડિયાના ઈન્ચાર્જ હાજર રહ્યાં હતાં.

આ સંમેલનમાં પ્રમુખ કાનાણીએ પ્રબુધ્ધજનોને આવકારતાં વિકસિત ભારત માટે આત્મનિર્ભર ભારતનું આહ્વાન કર્યુ હતું.

અમરેલીના ધારાસભ્યે પ્રધાનમંત્રી મોદીના જીએસટી ઘટાડાના નિર્ણયને વધાવતા ચિતલના સનેડા ઉદ્યોગને થનાર ફાયદાની રૂબરૂ મુલાકાત લઈ અનુભવેલી વાત કહી હતી તેમજ અમેરિકાનાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપ પર નિશાન તાકતા પ્રધાનમંત્રીએ કરેલ આહ્વાનને ઉપાડી સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરવા આગ્રહભરી અપિલ કરી હતી.

સંસદ સભ્ય સુતરિયાએ દેશનાં વડાપ્રધાન મોદીના મિશનને આગળ વધારવાની જવાબદારી આપણી સૌની છે તેમ જણાવ્યું હતું. જીલ્લાનાં ખ્યાતનામ સી.એ. એડી.ડી. રૂપારેલ અને પ્રબુધ્ધ યુવાન દિવ્યેશ વેકરિયાએ જીએસટી ઘટાડાને લઈને બજાર અને બજેટ પર થનારાં ફેરફાર અને ફાયદા પર વિશેષ પ્રકાશ પાડયો હતો.

મુખ્ય વકતા તરીકે અમરેલી આવેલા રાજીવભાઈ પંડયાએ ગુજરાતનાં પનોતા પૂત્ર અને દેશનાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનાં જન્મદિન નિમિત્તે યોજાયેલ આ પ્રબુદ્ધ સંમેલનને સંબોધતાં વડાપ્રધાનના વ્યકિતત્વ, કાર્યશૈલી અને કરતૃત્વ પર વિસ્તાર્થી વકતવ્ય આપ્યું હતું.

વડાપ્રધાનના વિઝન–મિશન ૨૦૪૭ ''વિકસિત ભારત'' અને ''આત્મનિર્ભર ભારત'' માટે સહિયારો પ્રયત્ન કરી પરિશ્રમ કરવા અનુરોધ કર્યો હતો તેમ જીલ્લા ભાજપની યાદીમાં જણાવ્યું છે.

---

## સાવરકુંડલા ખાતે સર્વ રોગ નિદાન સારવાર કેમ્પ યોજાયો



સાવરકુંડલા, તા. ૨૪

આજ તા. ૨૪/૯/૨૦૨૫ના રોજ નિયામક આયુષની કચેરી, ગુજરાત રાજય તથા જિલ્લા આયુર્વેદ અધિકારી અમરેલીના માર્ગદર્શન તથા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સંચાલિત ડોકટર હેડગેવાર સેવા સમિતિ સાવરકુંડલા સહયોગથી સરકારી આયુર્વેદ દવાખાનું ધોબા તા. સાવરકુંડલા દ્વારા ઉતાવળા હનુમાન મંદિર સાવરકુંડલા મુકામે સર્વરોગ નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધો. જેમાં ડો. દેવેન્દ્ર ચૌહાણ અને ડો. કૌશલ ગોંડલીયા તથા પંકજભાઈ વ્યાસ, વિનાયકભાઈ પરમાર, કૌશિકભાઈ બોરીસાગર વગેરે સેવાભાવીઓએ સેવા આપી.

---

### સાવરકુંડલા : કાણકિયા કોલેજના

## અધ્યાપક ડો. પુષ્પાબેન રાણીપાનું સન્માન



સાવરકુંડલા, તા. ૨૪

નૂતન કેળવણી મંડળ સંચાલિત અને સાવરકુંડલા સ્થિત વી.ડી. કાણકિયા આર્ટસ અને એમ.આર. સંઘવી કોમર્સ કોલેજના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો. પુષ્પાબેન રાણીપાનું તારીખ. ૨૩ સપ્ટેમ્બર–૨૫ મંગળવારના રોજ અમરેલી પોલિસ હેડ કવાર્ટર મુકામે સેતુ ગરબા મહોત્સવ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા પોલીસ દ્વારા સન્માન કરવામાં આવ્યું.

અત્રે ઉલ્લેખનીય છે કે ભાવનગર રેન્જ દ્વારા આયોજીત સેતુ ગરબા મહોત્સવ–૨૦૨૫માં જીલ્લાના અનેક શ્રેષ્ઠીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેના અનુસંધાને ડો. પુષ્પાબેન રાણીપા અમરેલી જીલ્લા ખાતે શિક્ષા ક્ષેત્રમાં ૩૫ વર્ષોથી સેવાનિષ્ઠ રહ્યા છે અને ઉત્કૃષ્ટ કામગીરી કરેલ છે. નિસ્વાર્થ પણે સમાજને ઉપયોગી થવાની ઉદાત ભાવના દર્શાવી છે તથા વિદ્યાર્થીઓના કારકિર્દી ઘડતરમાં અમુલ્ય પ્રદાન કર્યુ છે. જેની નોંધ લઈ પોલીસ વિભાગ દ્વારા આ અનેરૂ સન્માન કરવામાં આવ્યું.

આ તકે નૂતન કેળવણી મંડળ –ટ્રસ્ટીગણ, કોલેજના આચાર્ય ડો. એસ.સી. રવિયા તથા કોલેજ સ્ટાફ પરિવારના તમામ સભ્યો પુષ્પાબેનને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવે છે અને આશા વ્યક્ત કરે છે કે ભવિષ્યમાં પણ આ પ્રકારની ઉમદા સેવાઓ તેઓ પાસેથી અવિરતપણે મળતી રહેશે. આ સન્માન માટે કોલેજ ગૌરવ અને હર્ષની લાગણી અનુભવે છે.

---

## સાવરકુંડલા : એન.એસ.એસ. ડેની ઉજવણી કરવામાં આવી



સાવરકુંડલા, તા. ૨૪

નુતન કેળવણી મંડળ સંચાલિત સાવરકુંડલા સ્થિત વી.ડી. કાણકીયા આટર્સ અને અમે.આર. સંઘવી કોમર્સ કોલેજ અને એન.એસ.એસ. ના સંયુકત ઉપક્રમે આજરોજ 'એન.એસ.એસ.ડે'ની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી. 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત સ્વયંસેવક ભાઈઓ અને બહેનો ધ્વારા કોલેજ કેમ્પસની સફાઈ કરવામાં આવી તેમજ આજરોજ આચાર્ય રવિયા તથા પ્રોગ્રામ ઓફિસર આશિષભાઈ ચૌહાણ દ્વારા એન.એસ.એસ. ઓફિસનું ઉદ્ઘાટન પણ કરવમાં આવ્યું. 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત શ્રમકાર્યમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. કેમ્પસને પ્લાસ્ટિક મુકત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત કોલેજના પ્રિન્સિપાલ ડો. એસસી. રવિયાનું સતત માર્ગદર્શન રહ્યું અને એનએસએસ ઓફિસના ઉધ્ધાટન પ્રસંગે પિન્સિપાલ ડો. એસ.સી. રવિયા, વાઈસ પ્રિન્સિપાલ પ્રો. રીકુંબેન ચૌધરી, ડો. દિલીપભાઈ ભટ્ટ, ડો. પુષ્પાબેન રાણીપા, ડો. લલીતભાઈ ચૌહાણ, ડો. અર્જુનસિંહ પરમાર, ડો. હરેશ દેસરાણી અન્ય સ્ટાફ મિત્રો અને વિદ્યાર્થીઓ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી અને એન.એસ.એસ. ડેની ઉવજવણી કરવામાં આવી.

---

### રખડતા પશુઓની સમસ્યા વિકરાળ બની

## બાબરાનાં ઉંટવડ નજીક માર્ગમાં પશુ આડે ઉતરતાં કાર પલ્ટી જતાં ૧નું મોત

**કાર ચાલક સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૨૪

જસદણ ગામે વિંછીયા રોડ ઉપર આવેલ શિવનગર સોસાયટીમાં રહેતા દિપકભાઈ ધીરૂભાઈ કામળ નામના ૪૨ વર્ષિય ફુલનો વેપાર કરતાં વેપારીના દિકરા તુષાર તથા પ્રિન્સ તથા તેના ભાણેજ નૈતીક રાજેશભાઈ ઝાપડીયા તથા આ વેપારીના માસીયાય ભાઈનો દિકરો પ્રિયાંક કિશોરભાઈ માલકીયા (રહે. અમરેલી) ગત તા. ૧૪ના રોજ ૧૧:૩૦ વાગ્યાના અરસામાં સફેદ કલરની ફોરવ્હીલ નં. જી.જે.–૦૩ એલબી–૧૨૯૮ વાળી ચલાવીને જસદણ મુકામેથી અમરેલી જવા નીકળેલ હતા. તે વખતે ઉંટવડ ગામ પાસે કેવિન પાઈપની ફેકટરી પાસે પહોંચેલ હતાં તે વખતે રોડ ઉપર ઓંચિતા ઢોર આવતાં ફોરવ્હીલના ચાલક પ્રિયાંક કિશોરભાઈ માલકીયાએ ફોરવ્હીલના સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવતાં ફોરવ્હીલ રોડના ડિવાઈડર સાથે અથડાઈ અને પલ્ટી ખાઈ જતાં રોડની બાજુમાં થાંભલા સાથે ભટકાઈ જતાં કાર ચાલક પ્રિયાંકને જમણાં પગના સાંથળમાં ગંભીર ઈજા તથા નૈતીક રાજેશભાઈ ઝાપડીયાને જમણા ખંભાના ભાગે તથા વેપારીના દિકરા પ્રિન્સને એકિસડન્ટમાં માથામાં ગંભીર ઈજા થતા હેમરેજ થતાં બેભાન હાલતમાં સારવાર દરમિયાન ગઈ તા. ૨૦ના રોજ મોત નીપજાવેલ છે. તો આ બનાવમાં ફોરવ્હીલના ડ્રાઈવર આરોપી પ્રિયાંક કિશોરભાઈ માલકીયા (રહે. અમરેલી) સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

---

### શાળાનાં આચાર્ય ઈલાબેન ગેલાણી સહિતના સ્ટાફ દ્વારા

## બાબરાની વી.એલ. ગેલાણી વિદ્યાલયમાં નવરાત્રિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી

**મા ભગવતીની આરાધના, મહાઆરતી અને દાંડિયા રાસ કરવામાં આવ્યા**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૪

બાબરામાં વી.એલ. ગેલાણી વિદ્યાલયમાં નવરાત્રિ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અહીં શાળામાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફ દ્વારા ટ્રેડીશનલ ડ્રેશમાં રાસ રમી નવલા નોરતાની ઉજવણી કરી હતી. શાળાના આચાર્ય ઈલાબેન ગેલાણી, સુપરવાઝર દયાબેન કરકર અને કેમ્પસ ડાયરેકટર દિનેશભાઈ કુબાવત દ્વારા માતાજીની આરતી અને આરાધના કરી ગરબા રમ્યા હતા.

---

### ધારાસભ્ય તળાવીયાની જહેમત રંગ લાવી

## લાઠી : ચાવંડથી હીરાણા સુધી રૂપિયા ૨.૨૦ કરોડનાં ખર્ચે માર્ગ બનશે

**સમગ્ર પંથકનાં વાહનચાલકોમાં ખુશીનો માહોલ**

અમરેલી, તા. ૨૪

લાઠી–બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ લાઠી તાલુકાના ચાવંડ ગામથી હીરાણા ગામ સુધીના ડામર રોડ (નોન પ્લાન)ને મંજૂરી અપાવી છે. આ રોડ ૨.૨૦ કરોડના ખર્ચે બનશે, જેની સૈદ્ધાંતિક મંજૂરી મળતાં જ સ્થાનિક લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

છેલ્લાં ઘણાં સમયથી ચાવંડ અને હીરાણા વચ્ચેનો રસ્તો બિસ્માર હાલતમાં હતો, જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને ધારાસભ્ય જનક તળાવીયાએ રાજય સરકાર સમક્ષ રજૂઆત કરી હતી.

તેમની સતત રજૂઆતો અને પ્રયાસોને પરિણામે, રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ રોડ માટે ૨.૨૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ગ્રાન્ટનો ઉપયોગ કરીને રોડને સંપૂર્ણપણે ડામરથી આવરી લેવામાં આવશે, જેથી મુસાફરી વધુ સરળ અને સલામત બનશે.

આ અંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે, આ રોડ બનવાથી આસપાસના ગામોના લોકોને મોટી રાહત મળશે. વિકાસના કામો માટે હું કટિબધ્ધ છું અને મારા મતવિસ્તારના દરેક ગામને સુવિધાઓ મળે તે માટે સતત પ્રયાસ કરતો રહીશ.

## કાળઝાળ મોંઘવારીનાં માહોલમાં થોડી રાહત મળી જતાં ખેડૂતો ખૂશ

# અમરેલી જિલ્લામાં ''જીએસટી''માં ઘટાડો થતાં ખેતઓજારોમાં ઘરાકી

### ઓરણી, હળ, રોટાવેટર, ટ્રેલર સહિત અન્ય સાધનોમાં જીએસટીમાં ઘટાડો થતાં ભાવ ઘટયા

### અમુક ખેત ઓજારોની ખરીદીમાં ખેડૂતોને સરકાર તરફથી સબસીડી પણ મળી રહી છે

### સરકાર હજુ પણ વિવિધ પ્રકારે રાહત આપે તો ખેડૂતોનાં જીવમાં જીવ આવે

### ડીઝલ અને પેટ્રોલનાં ભાવમાં પ્રતિ લીટર રૂપિયા ૧૦નો ઘટાડો થાય તો સમગ્ર માહોલ બદલાઈ શકે તેમ છે






અમરેલી, તા. ૨૪

સૌરાષ્ટ્રના ખેડૂતો માટે એક સારા સમાચાર આવ્યા છે. કેન્દ્ર સરકારે ખેત ઓજારો પર લાગતા જીએસટીના દરોમાં ઘટાડો કરતા હવે ખેડૂતોને ખેતી માટે જરૂરી સાધનો વધુ સસ્તા ભાવે મળી રહ્યા છે. જેના કારણે અમરેલી સહિત સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં ખેડૂતોએ ફરી ખેત ઓજારોની ખરીદી શરૂ કરી છે.

અમરેલી જિલ્લાનાં સાવરકુંડલા, ધારી, વિસાવદર અને બાબરા સહિત જસદણ જેવા તાલુકાઓ ખેત ઓજારોના ઉત્પાદન માટે જાણીતા છે. અહીં મોટા પ્રમાણમાં ઓરણી, હળ, રોટાવેટર, ટ્રેલર અને અન્ય સાધનો બને છે. જીએસટીના દરોમાં ઘટાડો થતાં આ સાધનોના ભાવમાં ૫,૦૦૦ થી લઈને ૪૦,૦૦૦ સુધીનો ઘટાડો નોંધાયો છે. આ સીધો લાભ ખેડૂતોને મળી રહ્યો છે.

સાવરકુંડલાના ખેડૂત જીગ્નેશભાઈ માથુકિયાએ જણાવ્યું કે, જીએસટીમાં ઘટાડા બાદ ખેડૂતોને ખેતી સાધનો સસ્તા ભાવે મળી રહ્યા છે. ખાસ કરીને ઓરણીની ખરીદીમાં ખેડૂતોનો રસ વધી રહ્યો છે. હાલ ખેડૂતો નવરાત્રિના પાવન પ્રસંગે પણ ખરીદી શરૂ કરી છે, જે એક સકારાત્મક સંકેત છે. તેમણે ઉમેર્યું કે સરકાર તરફથી મળતી સબસીડી સાથે ખેડૂતોને વધારાનો ફાયદો મળી રહ્યો છે.

હાલમાં સરકારે ખેડૂતોને ઓરણી પર રૂા. ૨૬,૦૦૦ સુધીની સબસીડી ઉપલબ્ધ કરાવી છે. જેના કારણે સાધનોનો ખર્ચ ઘણો ઓછો થઈ ગયો છે. જેમ કે, ઓરણીના ભાવમાં અંદાજે ૫,૦૦૦નો ઘટાડો થયો છે. આ સસ્તુંદર અને સબસીડીની સુવિધા મળતા ખેડૂતો ખેતી સાધનો ખરીદવા ઉત્સાહિત બન્યા છે.

અમરેલી જિલ્લાના ખેડૂત મેહુલ શેરાએ જણાવ્યું કે, જીએસટીના દરોમાં ઘટાડો થતા ખેતી સાધનોની ખરીદી હવે સરળ બની ગઈ છે. ખેડૂતોને મોટી રાહત મળી છે. હાલ અમે ઓરણી સહિતના સાધનો ખરીદી રહ્યા છીએ. સરકાર તરફથી મળતી સબસીડી અને ભાવઘટાડા બંનેનો ખેડૂતોને બમણો લાભ થયો છે.

ખેતી સાધનોના બજારમાં હાલ ખરીદીનું વલણ વધ્યું છે. નવો કૃષિ સીઝન શરૂ થવા પહેલાં ખેડૂતો સસ્તા ભાવે સાધનો મેળવી લેવાની દોડમાં છે. સ્થાનિક વેપારીઓનું કહેવું છે કે, જીએસટી ઘટાડાના પગલે ખેતી સાધનોની માંગમાં ૩૦ થી ૪૦ ટકા જેટલો વધારો નોંધાયો છે.

વિશેષ કરીને ઓરણી, જે વાવણી પહેલાં સૌથી અગત્યનું સાધન ગણાય છે તેની ખરીદીમાં ખેડૂતોનું વિશેષ ધ્યાન છે. ઓરણીનો ખર્ચ ઘટાડાતા અને સબસીડી મળતા ખેડૂતોને હવે ખેતી ખર્ચમાં સીધી બચત થશે. પરિણામે ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થવાની સાથે ખેડૂતોની આવકમાં વધારો થવાની શકયતા છે.

કુલ મળીને જીએસટીના દરોમાં ઘટાડો અને સરકારની સબસીડી યોજનાઓને કારણે સૌરાષ્ટ્રના ખેડૂતોને ખેતી માટેની જરૂરી તૈયારીઓ વધુ સરળ બની રહી છે. આ પગલાથી ખેતીમાં આધુનિક સાધનોનો ઉપયોગ વધશે અને ખેડૂતોને આર્થિક રીતે મજબૂતી મળશે એવી આશા વ્યકત કરવામાં આવી રહી છે.

## અમરેલી : લોક સાહિત્ય સેતુ પરિવારના વાર્ષિકોત્સવની ઉજવણી કરાશે

અમરેલી, તા. ૨૪

અમરેલી લોકસાહિત્ય સેતુ પરિવારની આગામી બેઠક આવતીકાલ પરમ પૂજય સંત શિરોમણી મોરારીબાપુના જન્મદિવસ તા. ૨૫/૯/૨૦૨૫ ના રોજ યોજવામાં આવશે ગાવડકા રોડ તપોવન આશ્રમમાં બપોરના ચાર વાગ્યાથી છ વાગ્યા સુધી કાર્યક્રમ સ્થાપક પ્રમુખ મહેન્દ્રભાઈ જોશીના અધ્યક્ષ સ્થાને યોજાના છે જેમાં કાર્યક્રમના ઉદઘાટક તરીકે સંત શિરોમણે ચલાળા ગાયત્રીઅપ્રયક્ષ આદરણીય શ્રી રતિદાદા હરખથી પધારશે તેમજ શહેરના લોક સાહિત્ય પ્રેમી વિશાળ મહાનુભાવોની સંખ્યામાં કાર્યક્રમ યોજાશે તેમાં પધારવા અનુરોધ કરવામાં આવેલ છે.


આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, પટેલ બોર્ડીંગનાં ગેઈટની પાસે, અમરેલી.
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

શું તમારે દિવાળીમાં ગ્રાહકોને ભેટ આપવા વિચાર્યુ છે ?
તો આજે જ ઘનશ્યામ આર્ટની મુલાકાત લ્યો ...
ત્યાં તમને જોવા મળશે વિવિધ પ્રકારનાં ■ કેલેન્ડર ■ ૩૦૦ ઉપરાંત ડીઝાઈનની કિ-ચેઈન ■ ૩.૫ થી ૫૦ રૂપિયાની પ્રિન્ટ સાથે બોલપેન ■ મની પર્સ અવનવી વેરાયટી ચેક બુક, ATM કાર્ડ કવર ■ મોબાઈલ સ્ટેન્ડ ■ પેપર વેઈટ વગેરે અઢળક વેરાયટી માટે સંપર્ક કરો...
ઘનશ્યામ આર્ટ
કનુભાઈ જોષી Mo.94287 95274 Mo.93285 98100
૭, વંદના શોપિંગ, એસ.ટી.ડેપો, અમરેલી.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયકહા
Mo. 93770 03636

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

|| શુભ મુહૂર્ત આવ્યું ||
સાથે હીરો લાવ્યું
નવરાત્રી સ્પેશ્યલ ઓફર
આજે જ બુકીંગ કરાવો અને મેળવો ₹6000 - ₹12000 સુધીનો ફાયદો
બુકિંગ શરૂ ₹5100* થી
કેશ ડિસ્કાઉન્ટ ₹1000*





Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL





મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999


પિતૃઓના શ્રાદ્ધ નિમિત્તે...
• શુધ્ધ ઘીમાં મોહનથાળ...
• શુધ્ધ ઘીમાં બુંદી...
• શુધ્ધ ઘીમાં મગીયા લાડુ...
• વાટીદાળનાં ખમણ-પાત્રા...
માટે ઓર્ડર બુક કરાવો...
શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે. મસાલેદાર વાટીદાળના ખમણ હાજરમાં મળશે. ખજૂરની ચટણી સાથે...
શુધ્ધ ઘીમાં મઘમઘતાં... ચુરમાના લાડુ
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલ.





શું તમે હરસ, મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો, સહન ન કરો, સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS, MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
• હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
• જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
• રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
• ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
• નાસુર Pilonidal sinus ની સારવાર
• ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
• પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
• મૂત્રમાર્ગ તથા પિતાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ
20000+ દર્દીઓની તપાસ
3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ, ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

YAMAHA RACING
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
FZ-S Fi
lord of the streets


NOW WITH CONNECT
Side Stand Engine cut-off Switch
Light Weight
3D Emblem
Durable 149cc fuel injection Engine
Two-level Single Piece Seat
- ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

HONDA
આજના દિવસની
ખાસ ઓફર
મેળવો ₹7500* સુધીનો લાભ





પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન પાર્ટી પ્લોટ
ઉપલબ્ધ સુવિધાઓ


| | |
|---|---|
| 7 રૂમ (2 એ.સી. રૂમ) | 1200 ચોરસ ફૂટ પ્રસંગો |
| 6000 ચો.ફુ. જગ્યા | માટે સુશોભીત હોલ |
| CCTV કેમેરાથી સજ્જ | મંડપ, માઈક, લાઈટ, ઈવેન્ટ |
| પાર્કિંગની વ્યવસ્થા | અને કેટરીંગની સુવિધા |
| ફ્રી વાઈ-ફાઈ સુવિધા | 12 L.E.D. ફલડ લાઈટથી |
| સરાઉન્ડ સાઉન્ડ સુવિધા | સુસજ્જ ગ્રાઉન્ડ |


હાર્દિક ત્રીવેદી
94 285 61 601
શ્યામ ટીવીએસ પાછળ, સ્ટેશન રોડ, અમરેલી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ, જેથી તેઓ ફરીથી સાંભળી શકે આપણી વાત
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો.72650 63363

# સરંભડા : શ્રી કે.કે. શાહ જનતા વિદ્યાલય ખાતે અભિવાદન સમારંભ યોજાયો



કે.કે. શાહ જનતા વિદ્યાલય સરંભડા ખાતે શાળાના પૂર્વ આચાર્ય કાલીપ્રસાદભાઈ જોષીની સર્વોદય સરસ્વતી મંદિર કેળવણી સંઘ, બાબાપુરના મંત્રી તરીકે સંસ્થાના વડા કુ. મંદાકિનીબેન પુરોહિત દ્વારા કરવામાં આવતા તેમજ શાળામાં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં કરાર આધારિત શિક્ષક તરીકે બે વર્ષથી ફરજ બજાવતા કુ. ઋચિતાબેન સાવલિયા અન્યત્ર શાળામાં જતા તેઓની બહુમૂલ્ય સેવાનો નોંધ લઈ તેઓના અભિવાદન કરવાનો કાર્યક્રમ સરંભડા ગ્રામજનો દ્વારા યોજવામાં આવ્યો હતો. સરંભડાના આગેવાનો દલસુખભાઈ દુધાત, મોટાભાઈ સંવટ, વિનુભાઈ દુધાત, ધીરૂભાઈ ગઢવી, વિનુભાઈ દોંગા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ યોજાયેલ કાર્યક્રમમાં બન્ને કર્મયોગી શિક્ષકોનું શાલ તથા પુષ્પમાળા દ્વારા અભિવાદન કરવામાં આવ્યુ હતું. શાળાના આચાર્ય દિવંગતભાઈ ઉપાધ્યાયના માર્ગદર્શનમાં યોજાયેલ કાર્યક્રમમાં મોટાભાઈ સંવટ, દલસુખભાઈ દુધાત, આચાર્ય દિવંગતભાઈ ઉપાધ્યાય, આશીષભાઈ ભટ્ટ દ્વારા તેઓની સરાહનીય કામગીરીની નોંધ લઈ તેઓને શુભેચ્છાઓ આપવામાં આવી હતી. શાળા પરિવાર તથા વિદ્યાર્થીઓ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તકે શિક્ષકો કમલેશભાઈ ભટ્ટ, જયંતિભાઈ સોલંકી, અનિરૂધ્ધભાઈ કોટડીયા, કોમલબહેન જોષી, મહેન્દ્રભાઈ પરમાર, ગોવિંદભાઈ રાઠોડ, રમણીકભાઈ મોલડીયા, સુખલાલભાઈ જોટંગિયા સહિત વિશાળ સંખ્યામાં ગ્રામજનો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સંતશ્રી લેરાનાથના ધામ પરીસરમાં

## ચમારડી ખાતે સરદાર યાત્રાના આયોજક ગોપાલભાઈ વસ્તરપરાનું સન્માન કરાયું

### બારડોલીથી સોમનાથ સુધીની ઐતિહાસિક યાત્રા સંપન્ન

ચમારડી, તા. ૨૪

બાબરા તાલુકાના ચમારડી ગામમાં ભામાશા અને સરદાર પ્રેમી ગોપાલભાઈ વસ્તરપરાદ્વારાઆગામી સરદાર પટેલ સાહેબની ૧૫૦મી જન્મજયંતિ પર્વ નિમિત્તે બારડોલી થી ગીર સોમનાથ સુધીની સેથી વિશાળ ૧૮૦૦કી.મીસરદારસન્માનયાત્રા૨૨ સપ્ટેમ્બરના રોજ સોમનાથ દાદાના મંદિર ખાતે પરિપૂર્ણ કર્યા બાદ આજ રોજ ચમારડી ગામે સુપ્રસિપ્રધ સંત શ્રી લેરાનાથધામ મંદિરે ગોપાલભાઈ વસ્તરપરા દર્શનાથે આવ્યા હતા ત્યારે સમસ્તચમારડીગામેભવ્યરીતેસ્વાગતકર્યુ હતુંત્યારેચમારડીગામનાસરપંચદયાબેન જીવનભાઈપીઢડીયાસહિતચમારડીગ્રામ પંચાયતકમિટીતથાજીવનભાઈપીઢડીયા મનુભાઈશેલીયાભરતભાઈપીઢડિયાતળ શીભાઈ મગતરપરા અશોકભાઈ અસલાલીયા ભુપતભાઈ ખીમાણી હસમુખભાઈમકવાણાભુપતભાઈડાભી રમેશભાઈપાડલીયાસહિતનાગામલોકો દ્વારાસ્વાગતકરવામાંઆવ્યુહતુ.



### નવરાત્રિનાં પ્રારંભે

## સાવરકુંડલાનાં નિવૃત ફૌજી દ્વારા ૧૧૦૦ પરિવારોને ચુંદડી અર્પણ

### ૭૫ દર્દીઓને વિનામૂલ્યે દવાનું વિતરણ કરવામાં આવ્યુ



સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલા શહેરના શીવાજીનગરમાં રહેતા અતુલભાઈ જાનીદ્વારાસાવરકુંડલાનગરપાલિકાના વોર્ડબેમાંપોતાનાવિસ્તારોમાંનવરાત્રીના પ્રથમ દિવસે ૧૧૦૦ પરીવારોને લોકોના ઘરે ઘરે જઈને નવરાત્રીમાં માતાજીના નવસ્વરૂપોઅનેમાઁઅંબાનો ફોટો તથા માતાજીની ચૂંદડી અર્પણ કરવામાં આવી હતી જેની લોકોએ આસ્થા ભેર સ્વીકાર કરીને પોતાના ઘરે મંદિરમાં ફોટોનું નવરાત્રી દરમિયાન પૂજન, અર્ચન, આરતી, થાળ કરવામાં આવશે.

શહેરના શિવાજીનગર, ભુવા રોડ, ઝીંઝુડા ગેઈટ, અમૃતવેલ ગેઈટ, આડી, જલારામ મંદિર વિસ્તાર, પીપરવાડી, શ્રમજીવી નગર વગેરે વિસ્તારોમાં રહેતા ૧૧૦૦ પરીવારોના ઘરે ઘરે પોતે સ્વયંમ રૂબરૂ જઈને માતાજીની છબી તેમજ ચુંદડી વિતરણ કાર્યમાં તેમની સાથે કમલેશભાઈ રાઠોડ, ભાવેશભાઈ નનેરા, ભરતભાઈ વાઘેલા, લાલભાઈ દેગામાં, મનીષભાઈ ચૌહાણ, હિતેષભાઈ હુમ્મર વગેરે સેવાભાવી યુવાનો જોડાયા હતા. તેમના આ સેવાકીય કાર્ય બદલ શહેરમા પ્રશંસા થઈ રહી છે.

## લીલીયા મોટા : અમૃતબા વિદ્યાલય દ્વારા અંટાળીયા ખાતે સાત દિવસીય N.S.S. નો પ્રારંભ



લીલીયા, તા. ૨૪

લીલીયા તાલુકાના અંટાળીયા પ્રેમ સાહેબ આશ્રમ ખાતે લીલીયા મહાલ કેળવણી મંડળ સંચાલિત અમૃતબા વિદ્યાલય ઉચ્ચસ્તર માધ્યમિક વિભાગ દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારી મનોહરસિંહ ગોહિલની અધ્યક્ષતામાં તારીખ. ૨૩/૯/૨૦૨૫ થી તારીખ ૨૯/૯/૨૦૨૫ એમ સાત દિવસ એન.એસ.એસ યુનિટની ખાસ શિબિરનું ઉદઘાટન કરવામાં આવેલ. આ પ્રસંગે સૌ પ્રથમ શાળાના વિદ્યાર્થીઓએ સ્વાગત ગીત રજૂ કરી મહેમાનોનું સ્વાગત કરેલ. ત્યારબાદ સંસ્થા પ્રમુખ અરૂણભાઈ પટેલે સ્વાગત પ્રવચન કરી મહાનુભાવોને આવકાર્યા હતા. ત્યારબાદ ખાસ શિબિરના ઉદઘાટન જિલ્લા શિક્ષણ અધિકારી મનોહરસિંહ ગોહિલ સહિતના મહાનુભાવોના વરદ હસ્તે દીપ પ્રાગટય કરી એન.એસ.એસ શિબિરનો પ્રારંભ કરવામાં આવેલ. આ તકે શાળા સંચાલક પરિવાર દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારી મનોહરસિંહ ગોહિલ સહિતના મહાનુભાવોનું પુષ્પ ગુચ્છ અને સાલ ઓઢડી સન્માન કરવામાં આવેલ. આ તકે શાળાના આચાર્ય હસમુખભાઈ કરડે શાળાની વિવિધ પ્રવૃત્તિઓ વર્ણવી શાળાનો પ્રગતિ અહેવાલ રજૂ કરી સૌને જાણકારી અને માહિતીગાર કર્યા હતા.

ત્યારબાદ જિલ્લા શિક્ષણ અધિકારી મનોહરસિંહ જાડેજા એ એન.એસ.એસ ખાસ શિબિરમાં ભાગ લેનાર વિદ્યાર્થી ભાઈઓ બહેનોને એન.એસ.એસ કેમ્પ શિબિર દરમિયાન છેવાડાના ઘર સુધી પહોંચી વર્તમાન સમયમાં ફ્રોડથી કેવી રીતે બચી શકાય તેની જાણકારી આપી હતી. સ્વચ્છતા અભિયાન અંતર્ગત બહારની સ્વચ્છતા સાથે તન મનની સ્વચ્છતા હાથ ધરવા અનુરોધ કર્યોહતો. આ તકે શાળા સંચાલક મંડળના પ્રમુખ અરૂણભાઇ પટેલ, મંત્રી મગનભાઈ વિરાણી, નિયામક બાબુભાઈ ધામત ,અંટાળીયા સરપંચ દાનભાઈ હેલૈયા, નિર્મલભાઈ ખુમાણ, રવિભાઈ, પ્રવીણભાઈ ડોબરીયા સહિત કન્યા શાળાના આચાર્ય રંજનબેન રાદડિયા સહિતના અગ્રણી આગેવાનો ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળા આચાર્ય હસમુખભાઈ કરડના માર્ગદર્શન તળે શિબિર કન્વીનર જયેશભાઈ આચાર્ય મનિષાબેનવોરા એ કર્યુ હતું.

### નાયબ દંડક વેકરીયા અને સાંસદ સુતરીયાએ કર્યુ ભૂમિપુજન

## અરેવાહ : અમરેલીનાં મોટા માચિયાળા ગામે ૧૧૬ લાખનાં ખર્ચે બે ચેકડેમનું થશે નિર્માણ

### ૩૪ હજાર હેકટર જમીનમાં સિંચાઈનો લાભ મળશે



અમરેલી, તા.૨૪

નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને સાંસદ ભરતભાઈ સુતરીયા દ્વારા અમરેલી તાલુકાના મોટા માચિયાળા ગામે ૧૧૬ લાખની અંદાજીત રકમના બે ચેકડેમનુ ખાતમુહુર્ત કરવામાં આવ્યુ. જે કામ થવાથી ચેકડેમોમાં ૧૯૫ લાખ લીટર પાણીનો સંગ્રહ થશે અને મોટા માચિયાળા ગામની ૩૪ હેકટર જમીનમાં સિંચાઈનો લાભ મળશે.

### ભાજપ પર કર્યા આકરા પ્રહારો

## ગુજરાત હાઈકોર્ટમાંથી જામીન મળતા જેલ બહાર આવ્યા ચૈતર વસાવા

નર્મદા, તા.૨૪

આમ આદમી પાર્ટી (AAP)ના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાને આખરે હાઈકોર્ટમાંથી શરતી જામીન મળતા તેઓ ૮૦ દિવસ બાદ વડોદરા સેન્ટ્રલ જેલમાંથી બહાર આવ્યા છે. જેલની બહાર મોટી સંખ્યામાં ઉમટી પડેલા સમર્થકોએ ઢોલ-નગારા અને નાચ-ગાન સાથે તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું.

જેલમાંથી બહાર આવ્યા બાદ ચૈતર વસાવાએ મીડિયા અને સમર્થકોને સંબોધતા ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, "મારા પર ખોટો કેસ કરીને મને ૮૦ દિવસ સુધી જેલમાં બંધ રાખવામાં આવ્યો હતો. આ સમય દરમિયાન હું મારા પરિવારના સુખ-દુઃખના પ્રસંગોમાં હાજર રહી શક્યો ન હતો, જેનું મને ખૂબ દુઃખ છે. ભાજપ સરકાર વિપક્ષના અવાજને દબાવવા માટે આવા કાવતરાં કરી રહી છે." ગુજરાત હાઈકોર્ટે ચૈતર વસાવાને ડેડિયાપાડામાં પ્રવેશ ન કરવાની શરત સાથે જામીન આપ્યા છે. જોકે, આ શરત હોવા છતાં તેમના સમર્થકોનો ઉત્સાહ ઓછો થયો ન હતો. જેલ બહાર હજારોની સંખ્યામાં એકઠા થયેલા સમર્થકોએ તેમને હાર પહેરાવી અને ગુલાબની પાંખડીઓ ઉડાડી તેમનું સ્વાગત કર્યું. કાર્યકરો ખુલ્લી જીપમાં સવાર થઈને તેમનું અભિવાદન ઝીલતા રાજપીપળા જવા રવાના થયા હતા. ચૈતર વસાવાએ કહ્યું કે તેઓ હવે પોતાના આદિવાસી સમાજની વચ્ચે જઈને તેમના અધિકારો માટે લડત ચાલુ રાખશે.

## સાવરકુંડલા ખાતે વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું



સાવરકુંડલા, તા. ૨૪

બ્રાન્ચ શાળા નં. ૮ સાવરકુંડલા શાળા કક્ષાના વિજ્ઞાન મેળાનું આયોજન ભવ્ય કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ શાળાના વિજ્ઞાન શિક્ષક જીગરભાઈ પરામારના માર્ગદર્શન હેઠળ રોબોટિક અને એઆઈ થીમ ઉપર ૨૫ જેટલી કૃતિઓ બનાવી હતી. આ કૃતિઓ બનાવવા બદલ શાળાના આચાર્ય વિશ્રુતાબેન જાનીએ બાળવૈજ્ઞાનિકોના વાલીનુંસાલ ઓઢાડીને સન્માન કર્યુ હતું અને સમગ્ર શાળા પરિવાર વતી બાળકોને કામગીરીને બિરદાવી હતી. વિજ્ઞાન મેળાના સમગ્ર કાર્યકમ દરમિયાન એસ.સી.ના અધ્યક્ષ અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને તેમને પણ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. એમ રવિભાઈ જોષીની એક યાદીમાં જણાવ્યું હતું.

# સાવરકુંડલા ખાતે સંસ્થાઓનો સેમિનાર એ.પી.એમ.સી. માં યોજાયો



સાવરકુંડલા : ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૫ ને ''આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ'' જાહેર કરવામાં આવેલ છે. જે સંદર્ભે સહકારી સંસ્થાઓ આર્થીક રીતે સમૃધ્ધ બને અને સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર વધે તે માટે સરકારના કાર્યક્રમો અંતર્ગત આજ રોજ સાવરકુંડલા એ.પી.એમ.સી. માં સાવરકુંડલા તથા ખાંભા તાલુકાની સહકારી મંડળીઓ (PACS)નો સેમીનાર યોજાયો. આ કાર્યક્રમની શરૂઆતમાં સાવરકુંડલા એ.પી.એમ.સી.ના ચેરમેન દિપકભાઈ માલાણીએ સૌને આવકારી સ્વાગત કર્યુ હતુ. અને પોતાના પ્રવચનમાં પેકસ ટુ એમ.એસ.સી., માઈક્રો એ.ટી.એમ., પેકસનુ કોમ્પ્યુટરાઈઝેશન અને ભારત સરકાર સહકાર સે સમૃધ્ધ અંતર્ગત સેવા સહકારી મંડળીઓ માટે અલગ અલગ પ્રકારના ઈનીસીયેટીવ (આયામો) લાગુ કરવામાં આવેલ છે તે બાબતે વિસ્તૃત માહીતી આપી હતી અને તાલુકાની સેવા સહકારી મંડળીઓને BBSSL, NCEL, NCOLના સભ્યપદ મેળવવા માટે અનુરોધ કર્યો હતો. ત્યાર બાદ વાસ્મોના તુષારભાઈ મહેતા તથા મુકેશભાઈ ડાંગર દ્વારા પાણી વેરા વસુલાત પ્રોત્સાહક યોજનાની અમલવારી અને ગ્રામ પંચાયત તથા પેકસ સાથે એગ્રીમેન્ટ કરી પાણીવેરા વસુલાતની પ્રોત્સાહક યોજનાની જાણકારી આપી હતી. ત્યાર બાદ અમરેલી જીલ્લા મ.સ.બેંક ખાંભા તાલુકા સીનીયર ઓફીસર હીતેશભાઈ જાગાણીએ ERPની કામગીરી, પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના, પ્રધાનમંત્રી જીવન જયોતી વિમા યોજના, અટલ પેન્શન યોજના વિશે માહીતી આપી વધુમાં વધુ ખેડુતો મંડળીઓ સાથે જોડાઇ ધીરાણ મેળવે અને તેનાથી થતા ફાયદા વિશે જાણકારી આપી હતી. આ સેમીનારમાં ભાવનગર ડીસ્ટ્રીકટ બેંક સાવરકુંડલા શાખા મેનેજર મનીષભાઈ રાણપરીયા તથા વિ.કે. બોરડ દ્વારા પણ બેંકની જુદી–જુદી યોજનાઓ વિશે માહીતી આપી હતી. અને એ.પી.એમ.સી.ના વેપારીઓ તથા મંડળીના સભાસદો વધુમાં વધુ સહકારી બેંક સાથે જોડાય તેવા પ્રયત્નો કરવા જણાવેલ હતુ. આ સેમીનારમાં જીલ્લા રજીસ્ટ્રાર કચેરીમાંથી વિ.એસ. બદલાણીયા–ઓડીટર ગ્રેડ–૧ સાવરકુંડલા અને જયેશભાઈ પટેલ–ઓડીટર ગ્રેડ–૨ અમરેલી પણ ઉપસ્થીત રહયા હતા. અને પેકસને આર્થીક પ્રોત્સાહન સ્વરૂપે ઈનામ આપવાની યોજના, ''હર ઘર સુર્ય ઘર'' યોજના અને પેકસને કેશ ક્રેડીટ પર વ્યાજ રાહત આપવાની યોજનાની વિસ્તૃત માહીતી આપી હતી. આ સેમીનારમાં એ.પી.એમ.સી.ના ડીરેકટરો, તથા સાવરકુંડલા એ.પી.એમ.સી.ના સેક્રેટરી જે.વી. માલાણી, ખાંભા એ.પી.એમ.સી. ના સેક્રેટરી વી.એમ. માંડણકા, એ.પી.એમ.સી. ના વેપારીઓ, અને સાવરકુંડલા તથા ખાંભા તાલુકાની સેવા સહકારી મંડળીઓના પ્રમુખો અને મંત્રીઓ હાજર રહયા હતા.

# ચલાલા : રક્ષા શકિત ગર્લ્સ સ્કુલ ખાતે વાલી મીટીંગ યોજાઈ



શિક્ષણ અને સંસ્કારના સુત્રને સાર્થક કરતી તેમજ બાળકોનું જીવન ઘડતર જ જેમનો મુખ્ય ઉદેશ્ય છે તેવી સંસ્થા દ્વારા સંચાલિત રક્ષા શકિત ગર્લ્સ સ્કુલ ચલાલા ખાતે વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિશેષ ઉપસ્થિતિ તરીકે નાયબ પ્રાથમિક જીલ્લા શિક્ષણાધિકારી સોલંકી તથા સમિતિના મહિલા સભ્ય હેતલબેન પધાર્યા હતા. હરિબા કેમ્પસ ખાતે સોલંકી, હેતલબેન, સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી પૂ. સંત ડો. રતિદાદા, લાલજીદાદા, ભારતભૂષણ મહેશભાઈ વગેરે દ્વારા દીપ પ્રાગટય કરી વાલી મીટીંગની શરૂઆત કરી હતી. પૂ. દાદાએ પ્રાસંગિક ઉદ્‌બોધન આપી બધાને આર્શિવાદ આપ્યા હતા. ભારત ભૂષણ મહેશભાઈએ બધા વાલીઓને આવકાર્યા હતા. સોલંકીએ પ્રેરણાદાયી સંબોધનમાં જણાવ્યું હતું કે, બાળકોના સર્વાંગી વિકાસમાં વાલીઓ અને શિક્ષકો વચ્ચે સદાય સહકાર જરૂરી છે. આજના સમયમાં શિક્ષણ સાથે બાળકોમાં નૈતિક મૂલ્યો, સામાજિક જાગૃતિ તથા આત્મ વિશ્વાસનો વિકાસ કરવો અત્યંત જરૂરી છે. જે કામ આ સંસ્થા દ્વારા ખુબ સારી રીતે કરવામાં આવે છે. વાલી મીટીંગ દરમિયાન શૈક્ષણિક ગુણવતા, પરિક્ષા તૈયારી, હોમવર્ક તથા વિદ્યાર્થીઓના સંસ્કાર વિષે ચર્ચા થઈ હતી. સ્કુલમાં અભ્યાસ સાથે ચાલતી સહ અભ્યાસીક પ્રવૃતિમાં કરાટે, ધનુવિદ્યા, સ્કેટિંગ, ઘોડે સવારી, રાઈફલ શુટિંગ, ઓપ્ટીકલ તૈયારી જેવી અનેક પ્રવૃતિઓ પણ બાળકોને કરાવવામાં આવે છે. બધા વાલીઓ પણ શિક્ષણ સાથે સંસ્કારના સમન્વયને નિહાળી ખૂબ રાજી થયા હતા. વાલીઓએ સંસ્થાની પ્રગતિ માટે સહકાર આપવાની પ્રતિબધ્ધતા વ્યકત કરી હતી. બધા વાલીઓ ખુબ જ હર્ષોલ્લાસ સાથે પોતાના લાડકવાયી દીકરીઓને મળવા આવ્યા હતા. મળવાની સાથે દીકરીઓ માટે ઘરેથી તેમની મનપસંદ વસ્તુઓ તેમજ જમવાનું લાવ્યા હતા અને સાથે ભોજન લીધું હતું. દીકરીઓ સાથે વાતચીત કરી હતી અને દીકરીઓએ પણ પ્રોજેકટર દ્વારા ખુબ સુંદર શૈક્ષણિક કાર્ય ચાલે છે. દર અઠવાડિયે ટેસ્ટ લેવાય છે. ખુબ સારી રીતે ભણાવવામાં આવે છે. તમે ચિંતા ના કરશો એવું આશ્વાસન આપી વાલીને સંતોષકારક જવાબ આપ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભૂષણ મહેશભાઈ મહેતા તથા ડાયરેકટર શીતલબેન મહેતા, આચાર્ય તુષારભાઈ સહિત સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી.

### શ્રી ઉમિયા માતાજી સિદસર શ્રી સવા શતાબ્દી વર્ષ ઉત્સવ અંતર્ગત

## લાલાવદર ખાતે કળશ પુજન અને મહા આરતીનું આસ્થાભેર થયુ આયોજન

### રાજકીય અને સામાજીક આગેવાનો ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા.૨૪

શ્રી ઉમિયા માતાજી સિદસર શ્રી સવા શતાબ્દી વર્ષ પૂર્ણાહુતિ ઉત્સવ અંતર્ગત લાલાવદરમાં કળશ પૂજન અને મહાઆરતીનું થયેલ આયોજન લાલાવદરમાં સમાજને જોડવાના સેતુ સમાન ૧૧૫ કળશનું થયેલ વિતરણ અમરેલી જિલ્લા અને તાલુકાના પદાધિકારીઓ અને સામાજીક આગેવાનો રહ્યા ઉપસ્થિત શ્રી ઉમિયા માતાજી સિદસર શ્રી સવા શતાબ્દી વર્ષ પૂર્ણાહુતિ ઉત્સવ અંતર્ગત નવરાત્રિના પ્રથમ દિવસે તા.૨૨/૯/૨૦૨૫, સોમવારે લાલાવદર ગામે મહા કળશ પૂજન તથા મહાઆરતીના કાર્યક્રમનું ભવ્ય આયોજન થયેલ હતું. આ અવસર પર કુલ ૧૧૫ કળશનું ધાર્મિક વિધી અનુસાર પૂજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અમરેલી જિલ્લા સમિતિ, લીલીયા, બાબરા, લાઠી, અમરેલી તાલુકા સમિતિ તેમજ લાલાવદર ગ્રામ્ય સમિતિના સર્વે સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ગામના ઉમાભક્તો અને વિવિધ સામાજિક આગેવાનો પણ શ્રધ્ધાભાવે હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ઉમાભક્તોએ ભક્તિ, શ્રધ્ધા અને આસ્થા સાથે ઉત્સાહપૂર્વક જોડાઈને વાતાવરણને પાવન અને અલૌકિક બનાવી દીધું હતું. ઉમિયામાતાજીના જયઘોષ સાથે એક અભ્દુત આધ્યાત્મિક માહોલ સર્જાયો હતો. કડવા પાટીદાર સમાજના આગેવાનો દ્વારા દીપ પ્રાગટય કરી કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી.

માનવંતા મહેમાનોનું શાબ્દિક સ્વાગત સામાજિક આગેવાન ધર્મેશભાઇ આખજાએ કર્યુ હતું. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં અમરેલી વિસ્તાર કડવા પટેલ જ્ઞાતિ કેળવણી પ્રચારક મંડળ અમરેલી પ્રમુખ ઠાકરશીભાઇ મેતલીયાએ ભણતરની સાથે ગણતર અને સામાજીક સંસ્કારોનું સિંચન થાય તેવા આશિર્વાદ આપ્યા હતા. ગુજરાત સરકારના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઇ વેકરીયાએ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી કળશ યોજનાની પ્રસંશા કરી આયોજકોને અભિનંદન પાઠવી કાર્યક્રમની શુભેચ્છા પાઠવી હતી.

ઉમિયા પરિવાર સંગઠન સમિતિ સૌરાષ્ટ્રના ઉપપ્રમુખ વજુભાઈ ગોલ દ્વારા ઊંઝા અને સિદસર દ્વારા ચલાવવામાં આવતી વિવિધ સમૃધ્ધિ યોજનાઓ અને સમાજને જોડવાના સેતુ સમાન કળશ યોજના અંગેની સવિસ્તર માહિતીથી વાકેફ કરવામાં આવેલ. ઉમિયા પરિવાર દ્વારા સામાજિક સમાન ઉત્કર્ષના શુભાશય સાથે અને 'માં પધાર્યા મારા ઘેર' ના પવિત્ર ભાવથી માઁ કળશ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ યોજનાથી પ્રાપ્ત થનારા નિધિનો ઉપયોગ સમાજ હિતાર્થે વિવિધ સેવાકીય તથા વિકાસલક્ષી પ્રવૃત્તિઓમાં કરવામાં આવશે. ખાસ કરીને પર્યાવરણ સંરક્ષણ, જળસંચય, કૃષિમાર્ગદર્શન શિબિર, રોજગાર માર્ગદર્શન, વ્યસનમુક્તિ અભિયાન, મહિલા સશક્તિકરણ તથા મહિલા સંગઠન જેવી પ્રવૃત્તિઓને આ યોજનાથી પ્રોત્સાહન મળશે.

અમરેલી જીલ્લા ઉમિયા પરિવાર સંગઠન સમિતિના પૂર્વ પ્રમુખ ગોરધનભાઈ સુરાણી તથા લાઠી તાલુકા ઉમિયા પરિવાર સંગઠન સમિતિના પ્રમુખ ધિરૂભાઈ કોટડીયા, સામાજીક આગેવાન કનુભાઈ ગોજારીયાએ સમાજ ઉત્થાન અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે 'કડવા કણબી ત્યાં કળશ' ની પધરામણી વગરનું એક પણ ઘર બાકી ન રહે તે માટે ઝુંબેશ ચલાવવાની તેમજ કળશ યોજના દ્વારા શૈક્ષણિક, આરોગ્ય, ધાર્મિક તેમજ સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓમાં સમાજના તમામ પરિવારો સક્રિય રીતે જોડાય તે માટે અપીલ કરેલ હતી. દરેક ઉમાભકતો દ્વારા આ કળશ યોજના અંતર્ગત દરરોજ વ્યક્તિદીઠ રૂ. ૧ મુજબ વર્ષના કુલ રૂ. ૩૬૫ માઁ ઉમિયા માતાના ચરણોમાં સમૂહમાં અર્પણ કરવાનો સંકલ્પ વ્યક્ત કરી સમાજના સર્વાંગી વિકાસમાં યોગદાન આપવાના શપથ લીધા હતા.

અમરેલી જીલ્લા ઉમિયા પરિવાર સંગઠન સમિતિનાં પ્રમુખ નરેશભાઈ દસલાણીયા, લાલાવદર ગ્રામ પંચાયતના સરપંચ ચેતનભાઈ ધાનાણી, સામાજીક આગેવાનો ભુપતભાઈ મેતલીયા, પ્રવિણભાઈ ફીણાવા, દિનેશભાઈ માતરીયા, વલ્લભભાઈ કારેટીયા, હરેશભાઈ રૂપાલા, જયંતીભાઈ ચત્રોલા, પ્રહલાદભાઈ વામજા, બાલુભાઈ માતરીયા, પ્રા. એમ. એમ. પટેલ, ઉમંગભાઈ સરખેદી, ધીરૂભાઈ કોટડીયા, જગદિશભાઈ વિરમગામા, બાબુભાઈ ધામત, રમેશભાઈ ગોલ, રાજેશભાઈ સરખેદી, કલ્પેશભાઈ મેતલીયા, મતિરાળા સમુહ લગ્ન સમિતિના સભ્યઓ, કેરિયાનાગસ ગ્રામ્ય સમિતિના સભ્યઓ, બટુકભાઈ માતરીયા, ખોડાભાઈ આખજા વગેરે ઉપસ્થિત રહી સમાજના સર્વાંગી વિકારા અને એકતાના પ્રતિક રૂપે કડવા કણબી ત્યાં કળશ યોજના થકી સમાજને સાંકળવાના સેતુ સમાન કાર્યક્રમને ભક્તિ સાથે નવા ઈતિહાસનું સર્જન કરવા શુભેચ્છા પાઠવી હતી. કુ. પ્રિશા અશ્વિનભાઈ આખજાએ ઉમિયા પરિવારના ઈતિહાસની ઝાંખી કરાવી હતી. કળશ પૂજનની શાસ્ત્રોકત વિધિ જગદિશદાદાએ કરાવેલ. કાર્યક્રમની આભારવિધિ અશ્વિનભાઈ આખજાએ કરેલ હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કુરજીભાઈ માતરીયા દ્વારા કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં લાલાવદર ગામ આગેવાન મુકેશભાઈ માતરીયા, કેતનભાઈ આખજા, અમિતભાઈ આખજા, ઘનશ્યામભાઈ આખજા, રમેશભાઈ આખજા, આશિષભાઈ આખજા, જયેશભાઈ સુરાણી, જીજ્ઞેશભાઈ એમ. આખજા, રાજુભાઈ આખજા, શૈલેષભાઈ વિરપરા, પ્રકાશભાઈ આખજા, રાજેશભાઈ માતરીયા, હરેશભાઈ માતરીયા, જીજ્ઞેશભાઈ કે. આખજા, યોગેશભાઈ આખજા, કુલદીપભાઈ માતરીયા, જયંતિભાઈ આખજા વગેરેએ જહેમત ઉઠાવેલ હતી.

### ભજનથી વ્યાસપીઠ સુધી

## નાની વડાળાના હસુ મહારાજની સંઘર્ષભરી સફર



અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે પણ ભજન પરંપરા જીવંત છે. ગામડાના મંદિરોમાં સાંજ પડતાં જ ભજન–ધૂન ગુંજતા રહે છે. આવા જ સંસ્કારી માહોલમાંથી એક યુવાને પોતાનું જીવન ભજનથી વ્યાસપીઠ સુધી પહોંચાડયું છે. સાવરકુંડલા તાલુકાના નાની વડાળ ગામના હસુ મહારાજ દુધરેજીયા એ બાળપણથી ભજનની મીઠી ધૂન ગાઈ છે, અને આજે વ્યાસપીઠ પરથી શ્રીમદ ભગવત કથાનું રસપાન કરાવી રહ્યા છે.

હસુ મહારાજનું બાળ પણથી જ સંગીત અને ભજન પ્રત્યે અદભુત આકર્ષણ હતું. ગામની શાળામાં પ્રથમ ધોરણથી જ તેઓ ભજન અને બાળગીત ગાતા. પ્રાર્થના તેમજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં તેમના કંઠની મીઠાશ ગામજનોને મંત્રમુગ્ધ કરતી. સાતમા ધોરણ સુધી અભ્યાસ કર્યા બાદ તેઓ કૈલાશ ગુરૂકુળ મોરારીબાપુના સાનિધ્યમાં ગયા, જયાંથી તેમની ભજનયાત્રાને નવો વેગ મળ્યો.

પરંતુ જીવન હંમેશા સહેલું ન હોય. ૧૯૯૭માં જયારે તેમણે પ્રથમવાર ભજન ગાયું ત્યારે માત્ર ૩૦ રૂપિયાનું માનધન મળ્યું, પરંતુ તે તેમને લાખોનું લાગ્યું. આ સાથે જ ભજનની દુનિયામાં તેમના કારકિર્દીની શરૂઆત થઈ. એ જ વર્ષે પિતાનું અવસાન થતાં આખા પરિવારની જવાબદારી તેમના ખભા પર આવી ગઈ. તેઓ પોતાના વતન નાની વડાળામાં પાછા આવ્યા અને મંદિરો તથા ગામડાંઓમાં સાંજે–રાત્રે યોજાતા ભજન કાર્યક્રમોમાં ગાવા લાગ્યા. લોકો ધીમે ધીમે તેમની ભજનગાયકીથી પ્રભાવિત થઈ, અને ગામથી ગામ તેમને આમંત્રણ મળવા લાગ્યું.

ગામડાની સાદાઈ વચ્ચે પણ તેમણે પોતાની લાગણી અને શ્રધ્ધાથી ભજનને જ જીવનનું ધ્યેય બનાવી દીધું. ભજનમંડળીઓમાં ગાતાં–ગાતાં હસુ મહારાજનો કળાત્મક અવાજ સૌરાષ્ટ્રના અનેક ગામડાઓ સુધી પહોચ્યો. ભલે માનધન ઓછું મળતું, પરંતુ શ્રધ્ધા અને લોકપ્રેમ જ તેમનું સાચું મૂલ્ય બન્યું.

પાંચ વર્ષ પહેલા, નાની વડાળાના ગામજનોના આગ્રહથી તેમણે પ્રથમવાર શ્રીમદ ભગવત કથાનો વ્યાસ લીધો. એ ક્ષણ તેમની બાળપણથી રહેલી ઈચ્છાનો સાકાર રૂપ બની. ત્યારથી સતત પાંચ વર્ષથી તેઓ વ્યાસપીઠ ઉપર બિરાજીને ભગવત કથાનું રસપાન કરાવી રહ્યા છે. લોકો ભેટ રૂપે જે આપે છે તે સ્વીકારી, તેઓ પોતાના નિવાસસ્થાને ગાયોની સેવા પણ કરે છે.

૧૯૯૭માં એક ભજનથી શરૂ થયેલી સફર ૨૦૨૧માં કથાકાર રૂપે નવું મંજિલ પર પહોંચી. આજે તેઓ ગ્રામ્ય વિસ્તારના લોકપ્રિય ભજનગાયક અને કથાકાર તરીકે ઓળખાય છે. હસુ મહારાજ કહે છે કે 'ભજનને કદી છોડયું નથી, ભજને જ મને વ્યાસપીઠ સુધી પહોચાડયો છે.'

હસુ મહારાજની આ સફર દર્શાવે છે કે સંઘર્ષ, શ્રધ્ધા અને સમર્પણ હોય તો ગામડાંમાંથી ઉગેલો એક યુવાન પણ ભજનથી વ્યાસપીઠ સુધીનું સ્થાન મેળવી શકે છે. તેમની કહાની માત્ર ભજનપ્રેમીઓ માટે જ નહીં, પરંતુ સમગ્ર ગ્રામ્ય સમાજ માટે પ્રેરણાસ્ત્રોત છે.

### ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોનું ગ્રાહકોને સીધું વેચાણ કર્યુ

## અમરેલી : પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતો અને ગ્રાહકો વચ્ચે સીધું જોડાણ થાય તો માટે એક દિવસીય ''અમૃત ખેડૂત બજાર'' ભરાયું

### ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ દ્વારા વિશેષ આયોજન



અમરેલી, તા. ૨૪

અમરેલી શહેરના સિનિયર સિટીઝન પાર્ક ખાતે પ્રાકૃતિક કૃષિ પેદાશોના વેચાણ અર્થે એક દિવસીય અમૃત ખેડૂત બજારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતોએ પોતાના ઉત્પાદનોનું સીધા ગ્રાહકોને વેચાણ કર્યુ હતું.

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા ખેડૂતોને પ્રોત્સાહન આપવા અને પ્રાકૃતિક ખેતીને પ્રચારિત કરવા આ એક વિશેષ આયોજન કરવામાં આવ્યું. ખેડૂતોના પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વેચાણ માટે સ્ટોલ લગાવવામાં આવ્યા હતા.

સ્ટોલ પર પ્રાકૃતિક પદ્ધતિથી ઉત્પાદિત મસાલા, અનાજ તેમજ પ્રાકૃતિક ઉત્પાદનોમાંથી બનેલા મૂલ્યવર્ધિત ઉત્પાદનોનું પ્રદર્શન તથા વેચાણ કરવામાં આવ્યું. આમ, ગ્રાહકોને ખેડૂતો સાથે સીધી રીતે જોડાવાની અને સ્વસ્થ, ઝેરમુકત તથા વિસનીય ખાદ્ય પદાર્થો મેળવવાની તક મળી હતી. ઉલ્લેખનીય છે કે, આ આયોજનનો હેતુ ખેડૂતોને સશકત બનાવવાનો, સતત ખેતી પ્રણાલીને પ્રોત્સાહન આપવાનો અને ગ્રાહકોને ઝેર મુકત વિકલ્પ ઉપલબ્ધ કરાવવાનો છે. ગ્રામ્ય ઉત્પાદકો અને શહેરી ગ્રાહકો વચ્ચેનું બંધન વધુ મજબૂત બનાવવા આ એક મહત્વપૂર્ણ પગલું છે.

### સ્વ-સહાય જૂથની બહેનો ''આત્મનિર્ભરતા'નો માર્ગ અપનાવી આર્થિક ઉન્નતિ તરફ

## ચિતલના વતની રંજનબેન બાબરીયાના નેતૃત્વમાં કુલ ૫૦ બહેનો આર્થિક રીતે પગભર બની

### સરસ મેળામાં ગાયના ગોબરમાંથી બનેલ અગરબત્તી, કપૂરદાની, સાબુ સહિતની ચીજવસ્તુઓનું ધૂમ વેચાણ



અમરેલી, તા. ૨૪

અમરેલીના આંગણે ફોરવર્ડ સ્કૂલ ગ્રાઉન્ડ ખાતે ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી. (ગ્રામ વિકાસ વિભાગ) દ્વારા પ્રાદેશિક કક્ષાના ભવ્ય સરસ મેળાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ સરસ મેળામાં સ્વ–સહાય જૂથની બહેનોને સ્ટોલ સહિત રહેવા જમવાની સગવડતા પણ પુરી પાડવામાં આવી છે. અમરેલી ચિતલના વતની રંજનબેન બાબરીયાના નેતૃત્વમાં કુલ ૫૦ બહેનો આર્થિક રીતે પગભર બની છે. મહાદેવ સખી મંડળ સહિતના સખી મંડળની સ્થાપના થકી બહેનો આજે આર્થિક રીતે પગભર બનીને પરિવારમાં પોતાનું આર્થિક યોગદાન આપી રહી છે. રંજનબેને જણાવ્યું કે, સરસ મેળામાં અમને સ્ટોલ સહિતની સગવડતા આપવામાં આવી છે. અમે ગાયના ગોબરમાંથી બનેલ અગરબત્તી, કપૂરદાની, સાબુ સહિતની ચીજવસ્તુઓનું વેચાણ કરીએ છીએ. મેળાના શરૂઆતથી આજદિન સુધી (૪ દિવસમાં) અમે રૂ. ૯૦ હજારથી વધુની વિવિધ ચીજવસ્તુઓનું વેચાણ કર્યુ છે. ઉલ્લેખનીય છે કે, રંજનબેન અને તેમના સ્વસહાય જૂથને મિશન એન.આર.એલ.એમ યોજનાનો લાભ મળ્યો છે. રીવોલ્વીંગ ફંડ અન્વયે મળેલી સહાયતા થકી મહિલાઓ પગભર બનીને સશકત બની છે. સ્વ–સહાય જૂથની બહેનોએ ''આત્મનિર્ભરતા''નો માર્ગ અપનાવી આર્થિક ઉન્નતી તરફ પ્રયાણ કર્યુ છે. મિશન એન.આર.એલ.એમ. યોજના અંતર્ગત મહિલા સ્વ સહાય જૂથોને જ રીવોલ્વીંગ ફંડ, કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ, વ્યાજ સહાય સહિતના લાભ આપવામાં આવે છે. 'સ્વદેશી અપનાવો' અભિયાનને વેગ આપીને 'આત્મનિર્ભરતા'નો માર્ગ અપનાવી વિકસિત ભારતના નિર્માણમાં મહિલા શકિત પણ પોતાનું યોગદાન આપી રહી છે. ગુજરાતમાં સખી મંડળોની સ્થાપના થકી મહિલાઓ માટે સ્વ વિકાસના અનેક દ્વાર ખુલ્યા છે.

# અમરેલી : વિદ્યાગુરૂ સાયન્સ સ્કુલનાં વિદ્યાર્થીઓ મન મુકીને ગરબે ઘુમ્યા



વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ અમરેલીના વિદ્યાર્થીઓ માટે માં આદ્યાશકિતની આરાધના કરવા વેલકમ નવરાત્રીનું આયોજન કર્યુ હતું. લાઠી રોડ ખાતે આવેલી શાળાએ બાળકોના સર્વાંગી વિકાસને પ્રાધાન્ય આપતા સંસ્થામાં અવારનવાર ધાર્મિક કાર્યક્રમની ઉજવણી કરવામાં સ્કૂલ શિક્ષક સ્ટાફ, વિદ્યાર્થીઓ હંમેશા અગ્રેસર રહ્યા છે. ખાસ કરીને હોસ્ટેલમાં રહેતા બાળકો નવરાત્રી ઉજવણીથી વંચિત ના રહે તે માટે સ્કૂલ સંચાલક મેહુલભાઈ ધોળકિયા, જતીનભાઈ મહેતા, અંકુરભાઈ ઠુમ્મરએ આ આયોજન કર્યુ હતું. સાથે નવકાર ગરબા કલાસીસ કોરિયોગ્રાફર કેતન મહેતા અને ગ્રુપ નિર્ણાયક તરીકે ભૂમિકા ભજવી વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ આપેલ હતા. વિદ્યાર્થીઓમાં નેતૃત્વ ક્ષમતા વિકસિત કરવા સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થીઓ દ્વારા સંચાલિત કરવામાં આવેલ હતો.

# સારહિ યુથ કલબ ઓફ અમરેલી દ્વારા સર્વરોગ નિદાન અને રકતદાન કેમ્પ યોજાયો



સારહિ યુથ કલબ ઓફ અમરેલી, અમર ડેરી તથા શાંતાબા મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ દ્વારા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં ૭૫ વર્ષ પુર્ણ થતા સેવા પખવાડિયાની ઉજવણી અંતર્ગત ''વિનામૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પ'' અને ''રકતદાન કેમ્પ'' મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, અમરડેરીના વાઈસ ચેરમેન મુકેશભાઈ સંઘાણીની વિશેષ ઉપસ્થિતિમાં સેન્ટર ઓફ એકસીલન્સ, અમરદાણ ફેકટરી સામે ધારી રોડ અમરેલી ખાતે યોજવામાં આવ્યો. આ કેમ્પમાં ગાયનેક (સ્ત્રી રોગ), પીડીયાટ્રીક (બાળરોગ), જનરલ મેડીસીન, જનરલ સર્જન, માનસીક રોગ નિષ્ણાંત, કાન, નાક, ગળાનાં નિષ્ણાંત, આંખના નિષ્ણાંત હાડકાનાં નિષ્ણાંત, ચામડીનાં નિષ્ણાંત, દાંતનાં સર્જન, ફેફસા, શ્વાસ, એલર્જીનાં નિષ્ણાંત જેવી સેવા અમરેલી શહેરના નિષ્ણાંત તબીબો દ્વારા આપવામાં આવી. અને નિદાન કરી જરૂરી દવાઓ પણ વિનામૂલ્યે આપવામાં આવી. અને રકતદાનમાં પણ જિલ્લાના લોકોને રકતદાન કરી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં જન્મદિવસ નિમિત્તે રાષ્ટ્રની સેવારૂપી ઉજવણી કરી. જેનો લાભ જિલ્લાની જનતાએ બહોળી સંખ્યામાં લીધો. આ તકે સંસ્થાના પ્રમુખ મુકેશભાઈ સંઘાણીનાં નેતૃત્વમાં સુરેશભાઈ શેખવા, તુષારભાઈ જોષી, ચંદુભાઈ રામાણી, ઋજુલ ગોંડલીયા, એ.વી. આકોલિયા, વી.પી. માંગરોળીયા, ચીમન પટોળિયા, દિલીપસિંહ ઠાકોર, ભાવેશ કાબરિયા, જીતુભાઈ બથવાર, મુકુંદભાઈ મહેતા, અંકુર માવદીયા, સાગર ગેડિયા, પ્રશાંત પરમાર, નિખિલ આસર, પૃથ્વી લેઉવા, સહદેવ મકવાણા, મુકેશ ડોબરીયા, હરેશ સુખડીયા, મુકેશ ચૌહાણ, કાળુભાઈ અકબરી, પ્રજ્ઞેશ બાજક, મયુર ખાનપરા, ભાવેશ વાળોદરા, તુષાર વાણી, નરેન્દ્રભાઈ પરમાર, હિતેષ, સેજુ, હસમુખ દુધાત, કમલેશ સેજુ, અજય કાલેણા, લાલો કવા, ઉદયસિંહ રાજપુત, કિશોર આજુગીયા, દિપેશ ગોહિલ, અજય રાઠોડ, દેવેન્દ્ર ચાવડા, દિલીપ ડેર, નિતિન હિરાણી, પ્રદીપ સોલંકી સહિતની ટીમે જહેમત ઉઠાવી હતી.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીમાં જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં

ધરેલ છે.

જયારે બીજા બનાવમાં અમરેલી સાવરકુંડલા રોડ જુના ગુજકો વિસ્તારનાવતનીઅનેહાલચલાલાગામે અમરેલી રોડ ઉપર પેટ્રોલપંપ પાસે રહેતારાજુભાઈદેવાભાઈરાઠોડનામના ૩૩વર્ષિયયુવકનેદારૂ પીવાનીટેવહોય અને દારૂ પીવાથી તેમને લોહીની ઉલ્ટી થતીહોય. જેથીકંટાળીજઈ ગતતા. ૮ના રોજ ૯ વાગ્યે ચલાલા ગામે ધારી રોડ ઉપર આવેલ રેલ્વે ફાટક પાસે પોતે પોતાની મેળે બ્લેડ વડે પોતાના શરીરે ગાળાનાભાગેતેમજપેટનાભાગેચરકા મારી ગંભીર ઈજા પહોંચાડી સારવાર દરમ્યાન તેમનું મોત નિપજયાનું પોલીસમાંજાહેરથતાંપોલીસેધોરણસર કાર્યવાહીહાથ ધરેલ છે.

જયારે ત્રીજા અને અંતિમ બનાવમાંધારીતાલુકાનાઢોલરવાગામે રહેતા નીરૂપાબેન ચંપુભાઈ ધાધલ નામની૨૦વર્ષિયયુવતિને કોઈ બાબતે મનમાંલાગીઆવતાગતતા. ૨૨નારોજ સાંજે ૬ વાગ્યે ઢોલરવા ગામ પોતે પોતાની રીતે પોતાની વાડીના કુવામાં પડીજઈ પાણીમાં ડુબીજવાથી તેણીનું મોતનિપજયાનું પોલીસમાં જાહેરથતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૦૪૩ | ૧૩૫૧ |
| ૨ | સોયાબીન | ૬૭૦ | ૬૭૦ |
| ૩ | બાજરો | ૩૦૮ | ૩૦૮ |
| ૪ | જીરૂ | ૩૪૦૦ | ૩૪૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૦૦ | ૧૨૯૫ |
| ૨ | કપાસ કોડી | ૧૦૩૧ | ૧૧૮૬ |
| ૩ | મગફળી | ૬૧૦ | ૮૫૦ |
| ૪ | ઘઉં | ૪૮૫ | ૫૪૫ |
| ૫ | અડદ | ૧૦૦૦ | ૧૨૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૬૬૨ | ૯૦૦ |
| ૨ | ગીરનારી શીંગ | ૭૫૨ | ૭૫૨ |
| ૩ | શિંગ મોટી | ૬૦૦ | ૧૦૦૩ |
| ૪ | શિંગદાણા | ૯૦૦ | ૧૨૬૬ |
| ૫ | શિંગદાણા ફાડા | ૮૦૦ | ૧૧૬૦ |
| ૬ | તલ સફેદ | ૧૧૦૦ | ૨૧૯૯ |
| ૭ | તલ કાળા | ૨૨૦૦ | ૪૪૦૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૨૦૦ | ૨૪૧૨ |
| ૯ | બાજરો | ૩૨૫ | ૩૩૮ |
| ૧૦ | જુવાર | ૮૧૦ | ૮૧૦ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૫૪ | ૫૮૫ |
| ૧૨ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૧ |
| ૧૩ | મકાઈ | ૩૧૫ | ૫૦૦ |
| ૧૪ | મગ | ૯૫૫ | ૧૫૫૫ |
| ૧૫ | અડદ | ૧૦૧૫ | ૧૫૧૫ |
| ૧૬ | ચણા | ૮૪૦ | ૧૦૯૦ |
| ૧૭ | સફેદ ચણા | ૮૬૦ | ૧૦૫૫ |
| ૧૮ | છોલે ચણા | ૯૪૫ | ૧૨૩૦ |
| ૧૯ | ચોળી | ૭૪૦ | ૭૪૦ |
| ૨૦ | તુવેર | ૬૯૦ | ૧૧૮૫ |
| ૨૧ | કપાસ | ૮૦૦ | ૧૫૫૧ |
| ૨૨ | એરંડા | ૧૧૮૦ | ૧૨૪૬ |
| ૨૩ | જીરૂ | ૩૨૧૫ | ૩૫૦૦ |
| ૨૪ | રાયડો | ૧૧૬૫ | ૧૨૧૮ |
| ૨૫ | ધાણા | ૧૧૦૦ | ૧૩૬૬ |
| ૨૬ | મેથી | ૭૦૦ | ૮૦૨ |
| ૧૭ | સોયાબીન | ૭૪૦ | ૮૧૨ |

## દામનગર ખાતે નિઃશુલ્ક નેત્રનિદાન કેમ્પ યોજાયો



તસ્વીર : નટુભાઈ ભાતિયા–દામનગર

દામનગર, તા. ૨૪

દામનગર શહેરના શકિતપીઠ ગાયત્રી મંદિર ખાતે સિનિયર સિટીઝન ટ્રસ્ટ શ્રી ભુરખિયા હનુમાનજી મંદિર ટ્રસ્ટના સયુંકત ઉપકમે રણછોડદાસબાપુ ટ્રસ્ટની હોસ્પિટલ રાજકોટની તબીબી સેવા એ નેત્રયજ્ઞ હતો. જેમાંઆંખનેલગતારોગનીતપાસ કરાયહતી. મોતિયાનાદર્દીઓનેરાજકોટ હોસ્પિટલ લાવવા લઈ જવા સહિ વિના મૂલ્યે નેત્રમણી, આરોપણ, રહેવા જમવા દવા, ટીપા, ચશ્માં આપતી સેવા આપનાર છે. દામનગર શહેરી અને ગ્રામ્ય વિસ્તારો માંથી જરૂરિયાતમંદ દર્દીઓએ ખુબ મોટા પ્રમાણમાંઆ નેત્રયજ્ઞનો લાભ મેળવ્યો હતો. સ્વ સંજયભાઈ વજુભાઈ રૂપાધડાની પુણ્ય સ્મૃતિમાં યોજાયેલ નેત્રયજ્ઞમાં પધારેલ દર્દી નારાયણોને અલ્પહાર ચા પાણીની વ્યવસ્થા કરાય હતી.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લા પંચાયત

શકયતા છે.

આ પછી મુદત પૂરી થયા બાદ ગમે ત્યારે ચૂંટણીની જાહેરાત કરવામાં આવે તેવી શકયતા છે.

## જિલ્લા પંચાયતમાં ૧૩ બેઠકો અનામત જાહેર

અમરેલી જિલ્લા પંચાયતમાં કુલ ૩૪ બેઠકો છે. તેમાંથી એસ.સી. માટે ૩, એસ.ટી. માટે ૧, એસઈબીસી માટે ૯ અને ૨૧ બેઠકો બિન અનામત છે. આ ઉપરાંત મહિલાઓ માટે પણ બેઠકોની ફાળવણી કરવામાં આવી છે. તેમાંથી એસ.સી. માટે ૧, એસ.ટી. માટે ૧, એસઈબીસી માટે ૫ અને ૧૦ બેઠકો જનરલ મહિલાઓ માટે ફાળવી છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર નવો | ૧૨૧૪ | ૧૫૯૬ |
| ૨ | કપાસ જુનો | ૧૪૭૦ | ૧૫૯૦ |
| ૩ | તલ સફેદ | ૧૪૮૦ | ૧૯૧૦ |
| ૪ | જીરૂ | ૨૮૬૫ | ૩૪૮૫ |
| ૫ | ઘઉં | ૪૭૧ | ૫૩૯ |
| ૬ | અડદ | ૯૩૫ | ૧૨૭૫ |
| ૭ | મગ | ૧૨૪૦ | ૧૫૫૦ |
| ૮ | ચણા | ૯૮૦ | ૧૦૬૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૭૦૦ | ૯૦૦ |
| ૨ | શીંગ મોટી | ૭૫૦ | ૧૦૭૫ |
| ૩ | તલ સફેદ | ૧૬૫૦ | ૧૯૧૦ |
| ૪ | તલ કાળા | ૩૩૦૦ | ૪૨૦૧ |
| ૫ | જીરૂ | ૩૦૦૦ | ૩૬૦૦ |
| ૬ | કપાસ | ૧૧૦૦ | ૧૫૪૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૩૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૫૦ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૫૮૫ |
| ૧૦ | મકાઈ | – | ૪૩૦ |
| ૧૧ | ચણા | ૧૦૦૦ | ૧૦૮૦ |
| ૧૨ | તુવેર | ૧૦૫૦ | ૧૧૨૫ |
| ૧૩ | રાય/રાયડો | – | ૧૩૦૫ |
| ૧૪ | સોયાબીન | – | ૭૦૩ |

પાના ૮ ઉપરનું ચાલું

## ચલાલા પોલીસે ખેડૂતો સાથે

મહિલાઓને બહારથી બોલાવી દેહ વેપાર, ગાંજા સહિતની ગુનાહિત પ્રવૃતિ કરતા પકડાયેલ આ શખ્સને હુડલીના ભોગબનેલાલોકોએલમધાર્યોહતો. અને આશખ્સનેચલાલાપોલીસસ્ટેશનેલાવ્યા હતા. ત્યારેપણઆબનાવટીભગવાધારી સાધુસામે ગંભીર ગુનો નોંધવાના બદલે હુડલીનાભોગબનેલલોકોઅનેબનાવટી સાધુનેસમાધાન કરાવી નાખ્યું હતું. તેવી રીતના હમણાં ચલાલામા ભાજપના કાર્યકરો આપના કાર્યકરને ઘરમાં ગેરકાયદેસરરીતેઘૂસીગાળોઆપીમાર મારવાના બનાવમાં આપના કાર્યકરની ફરિયાદ લેવાના બદલે ચલાલા પોલીસે આપનાકાર્યકરનેસમાધાનકરીલેવાનુંકીધું હતુંઅનેઆપનાકાર્યકરનીફરિયાદલીધી નાહતી. ચલાલાપોલીસનેગુનેગારોસાથે સમાધાન કરાવી ચલાલા પોલીસમાં ક્રાઈમ નહિવત હોવાનું સાબિત કરવા મથામણ કરીરહ્યાહોયએવુંલાગીરહ્યુંછે ચલાલાપોલીસેખેડૂતોસાથેછેતરપિંડીનો ગંભીર ગુનો નહી નોંધી ભીનું સંકેલવાનો કિસ્સોચલાલામાંચર્ચાનાવિષયસાથેટોક ઓફ ટાઉન બન્યો છે.

પાના ૧ ઉપરનું ચાલું

## લાઠીમાં રહેતી સગીરાનું

આ બનાવમાં લાઠી ગામે રહેતીએક ૧૬ વર્ષનીસગીરાનેતેજગામે રહેતો અને હીરાનું કામ કરતો આરોપી હરેશ બાબુભાઈ મોરવાડીયા ગત તા. ૧૬/૪/૨૨ નાં રોજ રાત્રીનાં સાડા આઠ વાગ્યાનાં અરસામાં લાઠી ગામેથી લલચાવી ફોસલાવી તથા બદકામ કરવાના ઈરાદે તેણીના પિતાના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી અપહરણ કરી લઈ ગયેલ હતો. આ બનાવ અંગે જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાયેલ હતી.

આ અંગેનો કેસ અમરેલી ખાતે આવેલ સ્પેશ્યલ પોકસો અને ચોથા એડીશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની ધારદાર દલીલને માન્ય રાખી કોર્ટે આરોપી હરેશ બાબુભાઈ મોરવાડીયાને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬ મુજબ શિક્ષાપાત્ર ગુનામાં ૭ વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા ૫,૦૦૦નો દંડ તથા કલમ ૩૭૬ (૨) (એન) તથા પોકસો એકટની કલમ ૪, ૬, ૮ તથા ૧૮નાં ગુનામાં ૨૦ વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા ૧૦,૦૦૦નાં દંડની સજાનો હુકમ કર્યો હતો.

## :: જાહેર હરરાજી અંગેની નિવિદા ::

આથી જાહેર હરરાજીથી ઈમલો લેવામાં રસ ધરાવતા લોકોને આ જાહેર નિવિદાથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના ઈંગોરાળા (ડાંડ) ગામે ગ્રામપંચાયત કચેરી – ઈંગોરાળા (ડાંડ) દ્વારા નીચે જણાવેલ વિગત મુજબની અસ્કયામત ના ઈમલાની જાહેર હરરાજી નીચે દર્શાવ્યા મુજબના સ્થળે અને અકસ્માતની જે સ્થિતિમાં નિયત તારીખ અને સમયે કરવામાં આવશે, જેથી જાહેર હરરાજીમાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ સ્થળ ઉપર સમયસર હાજર રહેવા જાણ કરવામાં આવે છે.

| ક્રમ | અસ્કયામત અને ઈમલાની વિગત | જાહેર હરરાજીની તારીખ | જાહેર હરરાજીનો સમય | નક્કી થયેલ અપસેટ કિંમત | જાહેર હરરાજીનું સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | જુનું પંચાયત ઘર | ૩૦/૦૯/૨૦૨૫ | ૧૨:૦૦ કલાકે | ૧૦,૦૦૦/– | ગ્રામ પંચાયત કચેરી ઈંગોરાળા (ડાંડ) |

જાહેર હરરાજીની શરતો, બોલીઓ, નિયમો વિગેરે સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે તથા ઉપરોકત અસ્કયામતના ઈમલાની જાહેર હરરાજીમાં નિર્ણય કરવાની આખરી સત્તા તથા નિયમોમાં ફેરફાર વિગેરે કરવાનો અબાધિત અધિકાર નીચે સહી કરનારાઓની રહેશે.

**તલાટી કમ મંત્રી**
**ગ્રામ પંચાયત ઈંગોરાળા (ડાંડ)**

**સરપંચ**
**ગ્રામ પંચાયત ઈંગોરાળા (ડાંડ)**

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૮૯ |
| ૨ | ઘઉં લોકવન | ૪૮૧ | ૫૩૭ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૩૧ | ૫૪૧ |
| ૪ | મેથી | ૭૦૦ | ૭૦૦ |
| ૫ | શીંગદાણા | ૧૦૧૫ | ૧૦૧૫ |
| ૬ | મગ | ૭૦૦ | ૭૦૦ |
| ૭ | સોયાબીન | ૭૬૫ | ૭૮૪ |
| ૮ | અડદ | ૧૦૫૫ | ૧૨૦૦ |
| ૯ | તલ સફેદ | ૧૩૫૦ | ૧૮૭૦ |
| ૧૦ | ધાણા | ૧૨૦૧ | ૧૨૧૦ |
| ૧૧ | મગફળી | ૪૭૬ | ૭૬૦ |
| ૧૨ | ચણા | ૭૦૦ | ૧૦૫૦ |
| ૧૩ | અજમા | ૮૭૫ | ૮૭૫ |

પાના ૧ ઉપરનું ચાલું

## સાવરકુંડલાનાં વિંઝુડાવાસમાં

એક મહિના સુધી બન્ને સાથે રહેલ હતાં. ત્યારે યુવતીને મનીષભાઈએ કહેલ કે આપણેછુટાછેડા કેન્સલ કરીને પાછા સાથે રહીશુ. તેમ છતાં પણ આ મનીષભાઈએ બીજી કોઈ છોકરી સાથે સગાઈ કરીલીધેલ હોયઅનેબાદમાંમેઘનાબેનનેકહેલકેમારે હવે તને જોઈતી નથી. જે વાતનુ મનમાં લાગીઆવતા મેઘનાબેને ગતતા. ૨૨ના રોજ બપોરના ૩ વાગ્યે સાવરકુંડલા ગામે વિંઝુડાવાસમાં પોતાની મેળે ઝેરી પાવડર પી લેતા તેણીને સારવાર માટે દવાખાને ખસેડાયેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## હવે અનરિઝર્વ્ડ ટિકિટ માટે

યૂટીએસએપ (UTSAPP) ની વિશેષતાઓ જેમાં યાત્રી પોતાના મોબાઈલ ફોનથી ઘેર બેઠા જ ટિકિટ બુક કરી શકે છે. તથા યુ.ટી.એસ. અપથી ટિકિટ બુક કરવા માટે પહેલાં જે ૨૦ કિલોમીટર અંતરની મર્યાદા હતી, તેને હવે રેલવે દ્વારા દૂર કરવામાં આવી છે. એનો અર્થ એ છે કે હવે તમે કોઈપણ સ્થળેથી તમારૂ અનારક્ષિત ટિકિટ બુક કરી શકો છો મુસાફરો દ્વારા એપથી યાત્રા ટિકિટ, સીઝન ટિકિટ તથા પ્લેટફોર્મ ટિકિટની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

ચુકવણી માટે UPI, ડેબિટ/ક્રેડિટ તથા R-Walletનો વિકલ્પ ઉપલબ્ધ કરવામાં આવેલ છે. જેથી have મુસાફરોને ટિકિટ બારી પર લાઈનમાં ઊભા રહેવાની જરૂર નહીં, છુટ્ટા પૈસાની સમસ્યા નહીં, પેપરલેસ ટિકિટની સુવિધા, જે પર્યાવરણને પણ અનુકૂળ છે.

એટીવીએમ (ATVM)ની વિશેષતાઓમાં યાત્રી સ્ટેશન પર આવેલા ATVM મશીનથી પોતે ટિકિટ બુક કરી શકે છે. તથા યાત્રા ટિકિટ, સીઝન ટિકિટ તથા પ્લેટફોર્મ ટિકિટની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. તથા ચુકવણી માટે UPI QR કોડ તથા રેલવે સ્માર્ટ કાર્ડની સુવિધા. પણ ઉપલબ્ધ છે. જેનાથી ટિકિટ બારીની લાંબી લાઈનોથી મુકિત મળશે. તથા છુટ્ટા પૈસાની સમસ્યા નહીં.

મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માએ મુસાફરોને વિનંતી કરી છે કે તેઓ આ આધુનિક સુવિધાઓનો લાભ ઉઠાવે અને પોતાની યાત્રાને સરળ અને સુવિધાજનક બનાવે. યૂટીએસ એપ અને એટીવીએમ મારફતે બુકિંગ કરીને યાત્રી ફકત પોતાનો સમય જ નથી બચાવી શકતા, પરંતુ ડિજિટલ ઈન્ડિયા અભિયાનમાં સહભાગી પણ બની શકે છે. તેમ અંતમાં જણાવેલ છે.

## દેવભૂમિ દેવળીયા પ્રા.શાળા

### કાટમાળના ભંગારની જાહેર હરરાજી

આથી દેવભૂમિ દેવળીયા પ્રા.શાળા, તા.અમરેલી, જિ.અમરેલીમાં આવેલ ડેકસ્ટોકના સામાનમાં આવેલ લોખંડની બેન્ચીસ, લોખંડ ના હીચકા અને લસરપટીની એંગલો, પતરાનો નાનો કબાટ, લોખંડ સાથે લાકડાની પ્લાસ્ટીક પટી મઢેલ નાની બાકડીઓના તમેજ બીજુ પરચુરણ ભંગાર તેમજ લોકફાળામાંથી ઉભી થયેલ વસ્તુઓમાં લોખંડનો મોટો દરવાજો લોખંડની બારીઓ, લોખંડની ગ્રીલ, લોખંડનો છુટોભંગાર, લાકડાના દરવાજા અને બારીઓ, ગેલ્વેનાઇઝના પતરાના કટકાઓ અને તેને સંલગ્ન ભાગનો કાટમાળ લઈ જઈ જમીન સમતલ કરી આપવા માટેની જાહેર હરરાજી તા.૧૧/૧૦/૨૦૨૫ને સવારના ૧૧:૦૦ કલાકે દેવભૂમિ દેવળીયા પ્રા.શાળામાં રાખવામાં આવેલ છે. હરરાજીમાં ભાગ લેનારે રૂા.૧૦૦૦/- રોકડા ડીપોઝીટ પેટે જમા કરાવવાના રહેશે. હરરાજી પહેલા ૧૦૦૦/- રોકડા જમા કરાવવાના રહેશે. હરરાજી પહેલા ૧૦૦૦/- રોકડા જમા કરાવનાર ઈસમો જ હરરાજીમાં ભાગ લઈ શકશે. હરરાજીમાં ભાગ લેનારે પોતાનો ફોટો આઇકાર્ડ અસલ તથા ઝેરોક્ષ નકલ સાથે લાવવા. હરરાજીની શરતો અને નિયમો સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે. હરરાજીના નિયમોમાં ફેરફાર કરવાની આખરી સત્તા એસએમસી દેવભૂમિ દેવળીયાની રહેશે.

સ્થળ : દેવભૂમિ દેવળીયા પ્રા.શાળા
તા.અમરેલી, જિ.અમરેલી

**અધ્યક્ષ/સભ્ય સચિવશ્રી**
એસ.એમ.સી.દેવભૂમિ દેવળીયા પ્રા.શાળા
તા.અમરેલી, જિ.અમરેલી

**હરરાજીની તા.૧૧/૧૦/૨૦૨૫, સવારના ૧૧:૦૦ કલાકે**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૨૬ | ૭૨૬ |
| ૨ | તલ સફેદ | ૧૩૦૦ | ૧૮૬૦ |
| ૩ | તલ પીળા | ૨૨૦૦ | ૨૨૦૦ |
| ૪ | કપાસ | ૫૫૦ | ૧૩૨૫ |
| ૫ | બાજરો | ૩૭૧ | ૪૯૯ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૫૧ | ૬૦૦ |
| ૭ | જુવાર | ૪૦૦ | ૮૨૬ |
| ૮ | મગ | ૧૪૦૦ | ૧૪૦૨ |
| ૯ | ચણા | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ૧૦ | સોયાબીન | ૭૮૦ | ૭૮૦ |
| ૧૧ | રાય | ૧૩૦૦ | ૧૩૦૦ |

## જીએસટીમાં થયેલ ઘટાડાથી ગ્રાહકોની પુછપરછ વધી રહી છે

# અમરેલી જિલ્લામાં ઈલેક્ટ્રોનિક્સ માર્કેટમાં તહેવારોને લઈને તેજી

**જો કે કાપડ માર્કેટમાં હજુ સુધી તહેવારો અને જીએસટી ઘટાડાની કોઈ અસર જોવા નથી મળતી**

**જો કે આગામી દશેરાનાં તહેવારથી તમામ ચીજ-વસ્તુઓનો વેપાર વધશે તે નિશ્ચિત**

**સ્થાનિક વેપારીઓ એમેઝોન, ફિલપકાર્ટ જેવી ઓનલાઈન માર્કેટ સામે ઝઝુમે છે તે પણ હકીકત**

**યુવા પેઢી વધારે ખરીદી ઓનલાઈન માર્કેટમાંથી કરતી હોવાથી વેપારીઓમાં ચિંતા છે**






અમરેલી, તા. ૨૩

સાવરકુંડલા શહેર સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં હાલના સમયમાં વેપાર ક્ષેત્રમાં વિપરીત દ્રશ્ય જોવા મળી રહ્યું છે. એક બાજુ કાપડ માર્કેટ નરમ પડી રહી છે, તો બીજી બાજુ ઈલેક્ટ્રોનિક માર્કેટમાં તહેવારોને લઈને ગરમી જોવા મળી રહી છે.

નવરાત્રિની સીઝન હોવા છતાં કાપડ માર્કેટમાં માંગ પ્રમાણે ગ્રાહકો આવતા નથી. વેપારીઓનું કહેવું છે કે આ વર્ષે વરસાદ લાંબો ખેંચાવાથી અને ખેત ઉત્પાદનો બજારમાં હજુ મોટા પ્રમાણમાં આવ્યા ન હોવાથી લોકો પાસે ખરીદી માટે નાણાંની તંગી છે. ખાસ કરીને મધ્યમ અને મીડીયમ કક્ષાના માર્કેટ પર આ અસર વધુ જોવા મળી રહી છે. કપડાની દુકાનોમાં ગ્રાહકોની અવરજવર ઘટી ગઈ છે અને વેચાણમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. સાવરકુંડલાના વેપારી ઈમરાન પઠાણ જણાવે છે કે 'ગયા વર્ષે આ સમયમાં દુકાન પર ખૂબ રશ હતો, પરંતુ આ વર્ષે લોકો ઓછી માત્રામાં ખરીદી કરતા દેખાઈ રહ્યા છે. હજી ખેતરમાંથી પાકનું ઉત્પાદન અને નાણાં આવવાના બાકીછે, તેથી કાપડ માર્કેટ ધીમું પડી રહ્યું છે.'

તેના વિરૂદ્ધ, ઈલેક્ટ્રોનિક માર્કેટમાં હાલ નવરાત્રિ અને આવનારા દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને ખરીદીનો માહોલ બનવા લાગ્યો છે. મોબાઈલ, ટીવી, ફ્રિજ, મશીન અને અન્ય ઈલેક્ટ્રોનિક સામાનની દુકાનોમાં ગ્રાહકોની સંખ્યા ધીમે ધીમે વધી રહી છે. ખાસ કરીને તહેવારોમાં નવા ઘરેલુ ઉપકરણો ખરીદવાની પરંપરા હોવાને કારણે વેપારીઓ આશાવાદી છે કે આવતા દિવસોમાં ઈલેક્ટ્રોનિક માર્કેટમાં સારો બિઝનેસ થશે.

સાવરકુંડલાના ઈલેક્ટ્રોનિક વેપારી યુસુફ પઠાણ જણાવે છે કે 'અમારી દુકાન પર નવરાત્રિમાં જ સારી આવક થઈ રહી છે. દિવાળી નજીક આવી રહી છે એટલે લોકો નવા ઉપકરણો લેવા માટે દુકાનોમાં આવવા લાગ્યા છે. સરકાર દ્વારા જી.એસ.ટી.માં ઘટાડો થવાથી ભાવમાં પણ થોડો ઘટાડો થયો છે, જેના કારણે ખરીદી માટે ગ્રાહકો ઉત્સાહિત થઈ રહ્યા છે. આવનારા દિવસોમાં ઈલેક્ટ્રોનિક માર્કેટમાં તેજી જોવા મળશે.'

વેપારીઓના જણાવ્યા મુજબ કાપડ માર્કેટને વરસાદ, ખેતી અને આવકના અભાવે મંદીનો સામનો કરવો પડી રહ્યો છે, જયારે ઈલેક્ટ્રોનિક માર્કેટને તહેવારો, ભાવમાં રાહત અને ગ્રાહકોના ઉત્સાહના કારણે સારો ઉછાળો મળી રહ્યો છે. આમ, સૌરાષ્ટ્રના વેપારક્ષેત્રમાં હાલમાં બે વિપરીત ચિત્રો જોવા મળી રહ્યા છે – એક તરફ કાપડ માર્કેટમાં મંદી, તો બીજી તરફ ઈલેક્ટ્રોનિક માર્કેટમાં તેજી.

અમરેલી જિલ્લાના સાવરકુંડલા સહિત સૌરાષ્ટ્રમાં હાલના સમયમાં કાપડ વેપારીઓ મુશ્કેલી અનુભવી રહ્યા છે, જયારે ઈલેક્ટ્રોનિક વેપારીઓ તહેવારોને લઈને ખુશ છે અને સારા વેપારની અપેક્ષા રાખી રહ્યા છે.

---

### અમરેલીનાં જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યુ

## શ્રમિકોને ૧૨ કલાકની કામગીરીનો કાયદો પરત કરો : બહુજન સમાજ પાર્ટી

**શ્રમિકોને આરોગ્ય અને પારિવારીક મુશ્કેલી ઉભી થશે**

અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લા કલેકટરને બહુજન સમાજ પાર્ટીનાં પ્રમુખ જીવરાજભાઈ પરમારની આગેવાનીમાં આવેદનપત્ર પાઠવવામાં આવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લા બહુજન સમાજ પક્ષના આગેવાનો દ્વારા આવેદનપત્ર આપી, ગુજરાત સરકારે ગરીબ–મજૂરો ખાસ કરીને મહિલાઓનો લોહી ચુસવાનો કાળો કાયદો રાજય સરકારે છે જેના વિરોધમાં અમો નામ રાજયપાલને આવેદન આપી જણાવીએ છીએ કે, રાજય સરકાર દ્વારા ખાનગી ફેકટરી/કંપનીઓમાં કામ કરતા મજુરોને ફરજીયાત ૧૨ કલાકની કામગીરી/નોકરી કરવાનો ઠરાવ તાજેતરમાં પસાર કરેલ છે. જેના માઠા પરિણામ એવા આવશે કે, જરૂરિયાતમંદ ગરીબ વર્ગના લોકો ખાસ કરીને આદીવાસી, દલીત સમાજના લોકો વધુ ખાનગી સંસ્થાઓમાં રૂા. ૧૫,૦૦૦/– થી લઈને ૨૦,૦૦૦/–ની નોકરી કરતા હોય જે સતત ૧૨ કલાકની કામગીરી ભારણ વધતા તેમના શારીરિક સ્વાસ્થ્ય પર તેના માનસીક બીમારી ઉભી થવાની પુરી સંભાવના છે. તેમજ રાત્રીના સમયે મહિલાઓનું શારીરિક શોષણ થશે તેમની મજબુરીનો ગેરલાભ કંપની/ફેકટરી માલીકો ઉઠાવશે અને કલ્પી ન શકાય તેવા બનાવો બનવાની પુરી સંભાવના છે. જેના માટે હાલની રાજય સરકારનો કાળો કાયદો જવાબદાર હશે.વધુમાં જણાવવાનું કે, સતત ૧૨ કલાક કામ કરતા મજુરો તેમના બાળકોના ભવિષ્ય, શિક્ષણ પાછળ સમય આપી શકશે નહીં તેના પરિપામે આવા બાળકો પણ ૧૨ કલાકની કામગીરીના કાળા કાયદાનો ભોગ બનશે અને તેનો પણ વિકાસ રૂંધાઈ જાય તેવી પુરી સંભાવના છે. આથી રાજય સરકારે ૧૨ કલાકની સતત કામગીરીનો ઠરાવ મજુર વર્ગના લોકો (અનુ.જનજાતી, અનુ.જાતિ) માટે પુનઃ વેઠ પ્રથા જેવો હોય, મજુરોના વિશાળ હિતને ધ્યાને લઈ ૧૨ કલાકની કામગીરીનો કાળો કાયદો રદ કરી, આઠ કલાકની કામગીરી કરવાનો ઠરાવ યથાવત રાખવામાં આવે તેવી માંગ અંતમાં કરેલ છે.

---

## વાંકિયા : પરપ્રાંતિય શ્રમિક પરિવારના સગર્ભા બહેનો અને ધાત્રી માતાઓને પૌષ્ટિક આહારનું વિતરણ




અમરેલી, તા. ૨૩

ફયુચર ફાઉન્ડેશન ધ્વારા વિઝન ફોર વાઈલ્ડ લાઈફ પ્રોગ્રામ અંતર્ગત આરોગ્ય મંદિર–વાંકીયા ગામ ખાતે પરપ્રાતીય શ્રમિક પરિવારના સગર્ભા બહેનો અને ધાત્રી માતાઓને ગોળ, સિંગ–દાળિયા અને ફાડા લાપસીનું પૌષ્ટિક આહાર તરીકે વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે બાળ ઉછેર તેમજ સગર્ભા અવસ્થા દરમિયાન રાખવાની કાળજી સરકારની આરોગ્ય સેવાનો લાભ, તેમજ વાડી વિસ્તારના રહેઠાણ દરમિયાન વન્ય જીવો સાથે સહજીવીતા જળવાઈ રહે તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગામના સરપંચ નયનાબેન દાંતાવડીયાએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને પ્રોત્સાહિત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટેનું સંચાલન અને આયોજન આરોગ્ય મંદિર વાંકીયા સ્ટાફ કરવામાં આવ્યું હતું.

---

## સાવરકુંડલા : કોમર્સ કોલેજ ખાતે મુવી રીવ્યુ કોમ્પિટિશન યોજાઈ




સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલા શહેરમાં આવેલ નૂતન કેળવણી મંડળ સંચાલિત વી. ડી. કાણકિયા આર્ટસ અને એમ. આર. સંઘવી કોમર્સ કોલેજ, સાવરકુંડલા દ્વારા આજરોજ તા ૨૩/૯/૨૫ને મંગળવારે કોમર્સના વિદ્યાર્થીઓ માટે 'મુવી રીવ્યુ કોમ્પિટિશન' નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં ૧૫ જેટલી અલગ અલગ ટીમે ભાગ લીધો હતો. કોલેજના પ્રિન્સિપાલ ડો. એસ. સી. રવિયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કોમ્પિટિશનમાં જજ તરીકે વિમલભાઈ વ્યાસ (નટરાજ ઈલેકિટ્રકલ્સ, સાવરકુંડલા) અને નયનભાઈ ગાંધી (નિવૃત્ત મેનેજર એસબીઆઈ, સાવરકુંડલા) વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ભાગ રહેલા સ્પર્ધકોએ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનની મદદથી વિવિધ ગુજરાતી, હિન્દી તેમજ ઈંગલિશ મુવીઝમાંથી મળતા આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને ધંધાકીય બોધપાઠોનું ખૂબ જ રસપ્રદ શૈલીમાં વિશ્લેષણ રજૂ કર્યું હતું. તેમજ પોતાના વિશ્લેષણના સમર્થનમાં વિડીયો દ્વારા પણ પ્રસ્તુતિ કરી હતી.આ સ્પર્ધામાં તૃતીય ક્રમે એસ.વાય. બી.કોમ.ની ટીમ ખખ્ખર પાયલ અને નનેરા દેવાંશી, દ્વિતીય ક્રમે ટી . વાય. બી.કોમ. ની ટીમ પથ્થર પ્રીતિ, ચોટલીયા મોનિકા અને નનેરા ઈશા તેમજ પ્રથમ ક્રમે ટી.વાય. બી.કોમ.ની વિદ્યાર્થીનીઓ પરમાર તુલસી, ગોંડલીયા દક્ષિતા અને ધડુક અર્ષિતા વિજેતા રહ્યા હતા. તમામ વિજેતાઓને નિર્ણાયક, પ્રિન્સિપાલ તેમજ તમામ સ્ટાફગણ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંકલન અને સંચાલન પ્રો ડો. કલ્પેશ રાડીયા સર દ્વારા કરવામાં આવ્યું હતું. ટેકનીકલ સપોર્ટ માટે પ્રોફેસર જીજ્ઞેશભાઈ મહેતા તેમજ કાર્યક્રમને સફળ બનાવવા અન્ય અધ્યાપકઓએ જહેમત ઉઠાવી હતી.

---

### ''ભારતમાં માનતાના નામે પશુબલી કરવી કાનુની અપરાધ'' જાથા

## ''હવનાષ્ટમીએ પશુબલી ઘટનાની જાણ કરો'' : વિજ્ઞાન જાથા

**માહિતી આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે**

અમરેલી, તા. ૨૪

અમદાવાદ : ભારતમાં સદીઓથી પરંપરા, માન્યતા, રિવાજ, માનતાના નામે નૈવેદ્યમાં જીવતા પશુ–પક્ષીની બલી ચડાવવાની ગેરમાન્યતા જોવા મળે છે. અમુક જ્ઞાતિ આજે પણ પશુબલીમાં અતિ શ્રદ્ધા ધરાવે છે. સપ્ટેમ્બર/ઓકટોબર નવરાત્રિમાં આઠમ, નોમ, દશેરા, પૂનમના દિવસે પશુબલી અટકાવવા ભારત જન વિજ્ઞાન જાથાએ દેશવ્યાપી અભિયાન આદર્યુ છે. રાજયમાં પશુબલી ઘટનાના સંદર્ભે આધાર–પુરાવા સાથે માહિતી આપવા લોકોને અપીલ કરવામા આવી છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે ભારતમાં કાયદા પ્રમાણે પશુ–પક્ષીની બલી ચડાવવી ગુન્હાને પાત્ર છે. માનતા રાખનાર, પશુ–પક્ષીની હથીયારથી હત્યા કરનારા, તેને પ્રેરનારા, ધૂણીને કે માતાજીના નામે પશુબલીનો આગ્રહ કરનારા તમામ સામે કડક કાયદાકીય કાર્યવાહીનો નિર્દેશ છે. પશુને ભુખ્યા રાખવા, વાહનમાં લાવવા, અમાનુષી ત્રાસ આપવા સંબંધી કલમો હેઠળ ગુન્હો નોંધવામાં આવે છે. સરકારે એક પણ જ્ઞાતિ–સમાજને પશુબલી માટે માન્યતા આપી નથી કે કોઈપણ પ્રકારનો પરિપત્ર અસ્તિત્વમાં નથી. છતાં જાથાની જાણમાં આવ્યું છે કે પશુબલી મંજુરી સંબંધી પરિપત્રના અનેક સોગંદનામા કરી અંધમાન્યતામાં શ્રદ્ધા ધરાવતા લોકો પોતાની પાસે રાખી પશુબલી કોઈ અટકાવી શકે નહિ તેવો વિશ્વાસ રાખે છે વાસ્તવમાં ખોટો છે. આજે પણ કોઈપણ વ્યકિત, નાગરિક, જાગૃતો સરકારી તંત્રને જાણ કરે કે તુરંત પશુબલી અટકાવવા પોલીસ તંત્ર પહોંચી જાય છે. પશુબલી મંજુરી સંબંધી પરિપત્ર સંપુર્ણ ખોટો, બેબુનિયાદ, અસ્તિત્વ ધરાવતો ન હોય નિર્દોષ શ્રદ્ધાળુ કાયદાની ચુંગાલમાં ફસાય જાય નહિ તેવી જાથા માહિતી આપે છે.

વધુમાં જાથાના જયંત પંડયા જણાવે છે કે જાથાએ પશુબલી અટકાવવા દેશવ્યાપી અભિયાન આદર્યું છે. નવરાત્રિમાં હવનાષ્ટમી, નોમ, દશેરા, પૂનમના દિવસે આજે પણ અમુક જ્ઞાતિ માનતા પ્રમાણે પશુબલીનો ધાર્મિક કાર્યક્રમ, માંડવો રાખે છે તે અટકાવવા જાથા કટિબદ્ધ છે. માહિતી આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે તેમણે આધાર–પુરાવા સાથે માહિતી આપ્યા પછી ખરાઈ કરવામાં આવે છે. ત્યાર બાદ અટકાવવા સંબંધી તંત્રને સાથે રાખી કાર્યવાહી કરવામાં આવશે. જાથાના અનુભવ પ્રમાણે અંગત રાગ–દ્વેષના કારણે હેરાન કરવાવાળા ખોટી માહિતી આપે છે. જાથા કોઈપણ સમાજની લાગણી દુભાવવા માંગતું નથી. આજ સુધી કોઈપણની ધાર્મિક લાગણી દુભાવી નથી. કાયદાની મર્યાદામાં કામગીરી કરવામાં આવે છે. રાજયમાં પશુબલી ઘટના સંદર્ભે માહિતી સરકારી તંત્ર અને વિજ્ઞાન જાથાને આપી નિર્દોષ પશુ–પક્ષીની હત્યા અટકાવવામાં નાગરિક ધર્મ બજાવવા લોકોને અપીલ કરવામાં આવે છે.

વધુમાં પંડયા જણાવે છે કે પશુ–પક્ષીની બલી ચડાવવી સામાજિક કલંક છે. નિર્દોષ પશુની હત્યાના બદલે મીઠા નિર્વેધ્ય શાકાહારી કરી શકાય છે. અમુક જ્ઞાતિએ ફેરફાર કરીને પશુબલી સદંતર બંધ કરી દીધી છે તેને જાથા આવકારે છે. અમુક ભુવા–માનતાનું જડતાપૂર્વક વર્તન કરી, માતાજી નારાજ, કોપાયમાન થાય તેવો ડર–ભાય બતાવી પશુબલીનો આગ્રહ રાખે છે તેમાં ફેરફાર કરાવવો જ્ઞાતિના સમાજ સુધારકની ફરજ છે.

રાજ્યમાં જિલ્લા કક્ષાની કાર્યવાહી કમિટી બનાવી છે તે જીલ્લામાં રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, ખેડા, નડીયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, સુરત, બારડોલી, નવસારી, વલસાડ, વાપી, ડાંગ, આહવા, ગોધરા, પંચમહાલ, ભુજ–કચ્છ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, જુનાગઢ, અમરેલી, બોટાદ, સુરેન્દ્રનગર, ભાવનગર, અરવલ્લી, તાપી, રાજપીપળા વિગેરે જિલ્લા–તાલુકા મથકોએ માનતાના નામે પશુબલીની ઘટના સંદર્ભે કામગીરી સંભાળશે.

જાથાના રાજુભાઈ યાદવ, નિર્ભય જોશી, રવિ પરબતાણી, રોમિત રાજદેવ, નાથાભાઈ પીપળીયા, મહેશ પટેલ, સાહિલ રાજદેવ, અંકલેશ ગોહિલ, ભાવનાબેન વાઘેલા (એડવોકેટ), ભકિતબેન રાજગોર, ભાનુબેન ગોહિલ વિગેરે સદસ્યો જિલ્લા મથકોએ આવેલી માહિતીની ખરાઈ કરી પશુબલી અટકાવવા સંબંધી કાર્યવાહી કરવાના છે.

અંતમાં પશુબલીની આધાર–પુરાવા સાથે માહિતી મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ આપવા અનુરોધ છે.

---

# બાબરા પોલીસ સ્ટેશનમાં વાર્ષિક ઈન્સ્પેકશનને લઈને જિલ્લા પોલીસ વડાએ લીધી મુલાકાત







બાબરા પોલીસ સ્ટેશનમાં વાર્ષિક ઈન્સ્પેકશનને લઈને અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે લીધી મુલાકાત પોલીસ સ્ટેશનમાં પેપરો ચેક કર્યા તેમજ પોલીસ પરેડ પણ કરાવી અને સારી કામગીરી કરનાર કર્મીને બિરદાવી હતી. આ તકે અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, ડી.વાય.એસ.પી., બાબરા પી.આઈ. અંકુર દેસાઈ, પી.એસ.આઈ. ગમારા અને ડાંગર સહિતના ઉપસ્થિત રહ્યા હતા.





## બાબરાનાં વાવડી ગામનાં યુવકે આત્મહત્યા કરી લેતાં નારાજગી

# યુવકને આત્મહત્યા કરવા મજબુર કરનાર વ્યાજખોર વિરૂધ્ધ કાર્યવાહી કરો

**યુવકે સ્યુસાઇડ નોટમાં વ્યાજખોરનાં નામનો ઉલ્લેખ કરતાં પરિવારજનોએ ફરિયાદ પણ આપી**

**તાત્કાલિક અસરથી વ્યાજખોરોની અટકાયત કરી કડક કાર્યવાહી કરવા માંગ કરાઇ**

**ભરવાડ સમાજનાં આગેવાનોએ મામલતદારને આવેદનપત્ર પાઠવીને કરી માંગ**

**આરોપીઓની અટકાયત ન થાય તો પોલીસ સ્ટેશનને ઘેરાવ કરવાની ચીમકી અપાઇ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૪

બાબરામાં ગત તા. ૨૦ના રોજ તાલુકાના વાવડી ગામે રહેતા નિલેશ વજુભાઈ ભરવાડ (ઉ.વ. ૪૦) વ્યાજખોરના ત્રાસના કારણે પોતાની વાડીમાં ગળાફાંસો ખાઈ અંતિમ પગલું ભરી લેતા સમગ્ર પરિવાર અને સમાજમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. પોલીસ દ્વારા પરિવારની ફરિયાદ અને મૃતક નિલેશ પાસેથી મળેલ સ્યુસાઈડ નોટ પ્રમાણે તપાસ હાથ ધરવામાં આવી હતી. પણ હજુ સુધી એક પણ આરોપીની અટક નહિ કરવામાં આવતા વાવડી ગામના લોકો અને ભરવાડ સમાજમાં રોષની લાગણી પ્રસરી ગઈ હતી.

ભરવાડ સમાજના અગ્રણીઓ એડવોકેટ વશરામભાઈ સુસરા, ગોપાલભાઈ ગમારા સહિતના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં સમાજના લોકો મામલતદાર કચેરીમાં ન્યાય આપો ન્યાય આપોના સૂત્રોચ્ચાર સાથે રોષભેર મામલતદારને આવેદનપત્ર આપી વ્યાજખોરની અટક કરવા માંગ કરી હતી.

ભરવાડ સમાજ દ્વારા મામલતદારને આવેદનપત્ર આપી પોલીસ સ્ટેશનમાં પહોંચ્યા હતા અને અહીં પી.આઈ. ને રજુઆત કરી આરોપીની અટક કરવાની માંગ સાથે પ્રતીક ધરણામાં બેઠા હતા. સમાજ દ્વારા માંગ કરવામાં આવી હતી કે પોલીસ દ્વારા તાત્કાલિક અસરથી તમામ આરોપીઓની અટક નહિ કરવામાં આવે તો આગામી દિવસોમાં ભરવાડ સમાજ મહિલાઓ, બાળકો અને પોતાના પશુઓ સાથે પોલીસ સ્ટેશનમાં ઘેરાવ કરશે તેવી ચીમકી આપી હતી.

### ખેતીપાકોને નુકસાનની ભીતિ

## ખાંભા અને ધારી ગીર પંથકમાં મેઘાની વિદાય વેળા બઘડાટી

**મેઘરાજા હવે ખમૈયા કરે તે જરૂરી**



અમરેલી, તા. ૨૪

ખાંભા અને ધારી પંથકમાં આજે મેઘાની પુનઃ પધરામણી જતાં જગતાત ગણાતા ખેડૂતો અને ખેલૈયાઓ પણ ચિંતામય બન્યા છે.

નવરાત્રિનાં દિવસો શરૂ થયા હોય મેઘરાજાને વિદાય લેવાનો સમય હોય તે સમયે વરસાદ ખાબકતા ખેતીપાકોને નુકસાનની ભીતી સેવાઈ રહી છે.

### ક્રાઈમ રેટમાં વધારો ન થાય તેવો પ્રયત્ન

## લ્યો બોલો : ચલાલા પોલીસે ખેડૂતો સાથે છેતરપીંડી કરનાર વિરૂધ્ધ ગુન્હો નોંધવાને બદલે સમાધાન કરાવી દીધુ

**છેતરપીંડી કરનાર સામે કાર્યવાહી કરવાની જરૂર હતી**

ચલાલા, તા. ૨૪

ચલાલા સાટોડી પરા વિસ્તારમાં કપાસ જોખવામાં તોલકાટામાં વેપારીની કપાસ જોખવામાં ગેરરીતિ પકડાતા મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. સંબંધીત માણસો દ્વારા જાણવા મળેલ વિગત મુજબ વાસાવડ પાસે આવેલ ડોડીયાળા ગામના કપાસના વેપારી દલાલ મારફત ચલાલા સાટોડી પરામાં ખરીદેલો કપાસ જોખવા માટે આવેલા હતા. ત્યારે આ વિસ્તારમાં કપાસ જોખવાનું તોલ ચાલુ હતો એ દરમિયાન કપાસ લેવત વેપારીના માણસો દ્વારા કપાસ જોખવાના તોલ માપમાં ગેરરીતિ કરી ખેડૂતોને છેતરપિંડી કરતા હોવાનું બહાર આવેલ હતું. ૪૦ કિલોની કપાસની ગાસડીમાં ૨૦ કિલોની ગેરરીતી માલુમ પડી હતી. છેલ્લા ચાર દિવસમાં આ વેપારીએ દલાલ મારફત ખેડૂતો પાસેથી છ થી સાત ટ્રક ગાડી કપાસની ખરીદેલ હતી. ખેડૂતોના કહેવા મુજબ એક કપાસની ગાડીમાં સામાન્ય રીતના ૫૦૦ માણ કપાસ જોખાતો હોય છે. ત્યારે આ કપાસ જોખવાવાળા લોકોએ અમારી સાથે છેતરપિંડી કરી તોલમાપમાં ગેરરીતે કરી એક ટ્રકમાં ૪૦૦ મણ કપાસ ભરતા હતા જેથી ખેડૂતને એક ટ્રક ગાડીમાં ૧૦૦ મણ કપાસ વધુ જાતો હતો જેથી અંદાજે એક ગાડી કપાસમાં રૂપિયા દોઢ થી બે લાખ રૂપિયાની ખેડૂતો સાથે છેતરપિંડી થતું હોવાનું જાણવા મળેલ જેથી તમામ છેતરાયેલા ખેડૂતો પોલીસ સ્ટેશને ટ્રક ગાડીના ડ્રાઈવરને લઈને પોલીસ સ્ટેશને દોડી ગયા હતા. અને બીજા તોલ માફ કરવાવાળા માણસો ફરાર થઈ ગયા હતા. પોલીસ સ્ટેશને ખેડૂતોએ આધાર પુરાવા સાથે રજૂઆત કરતા પોલીસને પણ ખ્યાલ આવ્યો હતો કે કપાસ જોખવાવાળાએ ખેડૂતો સાથે છેતરપિંડી કરેલ છે. વાત વાયુ વાગ્યે પ્રસરતા ચલાલા પોલીસ સ્ટેશનમાં ખેડૂતો કપાસના દલાલો અને રાજકીય આગેવાનો કપાસના વેપારીઓ અને પત્રકારો ભેગા થઈ ગયા હતા. જે વેપારીનો કપાસ જોખાતો હતો તેઓને જાણ થતાં તેઓ પણ મારતે ઘોડે ચલાલા પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા. ચલાલા પોલીસ રાજકીય દબાણને વશ થઈ ખેડૂતો સાથે થયેલી છેતરપિંડીનો ગંભીર ગુનો નોંધવાને બદલે ખેડૂતોને તોલમાપમાં જે કપાસ વધારે ગયો હતો. તેની ગણતરી કરી અને અંદાજે ૧૫ લાખ રૂપિયા વેપારી પાસેથી ખેડૂતોને અપાવી દઈ અને સમાધાન કરાવી નાખી આખો મામલો ભીનો સંકેલી દીધો હતો. ચલાલા પંથકના લોકોમા એવી ચર્ચાઓ થઈ રહી છે કે જો ચલાલા પોલીસે ખેડૂતો સાથે ગેરરીતિ કરી છેતરપીંડી કરનારાઓ સામે ગંભીર ગુન્હો નોંધી નમુનેદાર કડક કાર્યવાહી કરી હોત તો ચલાલા પંથકના ખેડૂતો સાથે આવી રીતે તોલમાપમાં છેતરપિંડી કરવાની હિંમત કપાસના વેપારી કે દલાલો કયારેય ના કરત. ચલાલા પોલીસે છેતરપિંડી કરનાર વેપારી અને દલાલો સામે ગંભીર પ્રકારનો ગુન્હો દાખલ નહીં કરી અને સમાધાન કરી વલણ અપનાવતા ચલાલા પંથકના ખેડૂતોમાં ચલાલા પોલીસ સામે નારાજગીનો માહોલ ઊભો થયો છે. જાણવા મળેલ વિગત મુજબ ખેડૂતોને છેતરપિંડીની જે રકમ થતી હતી તેના કરતાં બમણી રકમ વેપારી પાસેથી અપાવતા ખેડૂતો એ પણ ફરિયાદ કરવાનુ ટાળ્યુ હતુ. પરંતુ પોલીસે ગુન્હાની ગંભીરતા સમજી ફરિયાદ દાખલ કરી હોત તો આ વિસ્તારમાં છેતરપંડીના અને ગેરરીતીના બનાવો બનતા રોકી શકાયા હોત થોડા વખત પહેલા ચલાલાના હુડલી ગામમાં એક ભગવાધારી બનાવટી સાધુ એકના ડબલ, દોરા ધાગા, તાંત્રિક વિધિ,

અનુસંધાન પાના ૬ ઉપર

### નજીકમાં આવી રહેલી ચૂંટણી માટે તૈયારીઓનો ધમધમાટ શરૂ

## અમરેલી જિલ્લા પંચાયત તથા ૧૧ તાલુકા પંચાયત મળી કુલ ૯૦ સીટ અનામત

**જિલ્લા, તાલુકા પંચાયતની ચૂંટણીને લઈને અનામત બેઠકો નક્કી કરાઈ**

અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લામાં આગામી દિવસોમાં જિલ્લા તથા તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓની ચૂંટણીઓ આવી રહી છે. તે પહેલા અમરેલી જિલ્લા પંચાયત અને તમામ ૧૧ તાલુકા પંચાયતની અનામત બેઠકોની ફાળવણી કરવામાં આવી છે. આ પ્રક્રિયા બાદ મતદાર યાદી સુધારણાનો કાર્યક્રમ પણ હવે ગમે ત્યારે જાહેર થઈ શકે છે.


અમરેલી જિલ્લા પંચાયત તથા ૧૧ તાલુકા પંચાયત તેમજ અમરેલી સહિતની નગરપાલિકાઓની મુદત નજીકના મહિનાઓમાં જ પૂરી થવાની છે. અને તે પહેલા હવે ચૂંટણી વિભાગ દ્વારા પણ તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. અમરેલી જિલ્લા પંચાયત તથા તમામ ૧૧ તાલુકા પંચાયત બેઠકો માટે અનામત બેઠકોની ફાળવણી પણ કરવામાં આવી છે.

અમરેલી જિલ્લા પંચાયતની કુલ ૩૪ બેઠકોમાંથી ૧૩ બેઠકો અનામત છે અને તાલુકા પચાયતમાં કુલ ૧૯૦ બેઠકોમાંથી ૭૭ બેઠકો અનામત જાહેર કરવામાં આવી છે અને અનામત બેઠકના પ્રકાર મુજબ બેઠકોની ફાળવણી પણ કરવામાં આવી છે. બેઠકોની ફાળવણી થઈ ગયા બાદ આગામી દિવસોમાં મતદાર યાદી સુધારણા માટેનો પણ કાર્યક્રમ જાહેર કરવામાં આવે તેવી

અનુસંધાન પાના ૬ ઉપર















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)